જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૩-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ઉત્તરપ્રદેશમાં સપા-બસપા ૩૮-૩૮ બેઠકો પર ચૂંટણી લડશે,અમેઠી-રાયબરેલી સીટ છોડી

મોદીને માત આપવા ૨૫ વર્ષ બાદ યૂપીમાં ફોઈ-ભત્રીજાનું ગઠબંધન

લખનૌ

બસપા સુપ્રીમો માયાવતીએ પત્રકાર પરિષદ દરમ્યાન ઓછામાં ઓછી બે વખત જોર આપીને ૧૯૯૫ના ગેસ્ટ હાઉસ કાંડનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમની પાર્ટી એ જનહિત માટે તેને ભૂલી સપાની સાથે ગઠબંધન કરવાનો નિર્ણય લીધો છે.

એક સમયે એકબીજાના સાથી રહેલ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ શનિવારના રોજ અંદાજે ૨૫ વર્ષ બાદ એક વખત ફરીથી સાથે આવવાની ઐતિહાસિક જાહેરાત કરી દીધી. સપા અધ્યક્ષ અખિલેશ યાદવની સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં બસપા મુખ્યા માયાવતી એ તેની જાહેરાત કરી. યુપીની ૮૦ લોકસભા સીટોમાંથી ૩૮-૩૮ પર સપા-બસપા ચૂંટણી લડશે. ગઠબંધનથી કૉંગ્રેસને બહાર રાખ્યું છે. પરંતુ ગાંધી પરિવારના પરંપરાગત ગઢ અમેઠી અને રાયબરેલીમાં ગઠબંધન ઉમેદવાર ઉતરશે નહીં. માયાવતીએ કહ્યું કે બાકી ૨ સીટો બીજા પક્ષો માટે રાખી છે. બસપા સુપ્રીમો એ કહ્યું કે જે રીતે ૧૯૯૩મા અમે સાથે મળીને ભાજપને હરાવ્યું હતું આ વખતે પણ તેને હરાવીશું.

બસપા સુપ્રીમો એ પત્રકાર પરિષદ દરમ્યાન ઓછામાં ઓછી બે વખત ભારપૂર્વક ૧૯૯૫ના ગેસ્ટ હાઉસ કાંડનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમની પાર્ટીએ જનહિત માટે તેને ભૂલી સપા સાથે ગઠબંધનનો નિર્ણય



કર્યો. માયાવતી એ કહ્યું કે લોહિયાજીના રસ્તા પર ચાલી રહેલ સમાજવાદી પાર્ટીની સાથે ૧૯૯૩મા માન્યવર કાશીરામ અને મુલાયમ સિંહ યાદવ દ્વારા ગઠબંધન કરીને ચૂંટણી લડ્યા હતા. હવાનો રૂખ બદલાતા ભાજપ જેવી ઘોર સાંપ્રદાયિક અને જાતિવાદી પાર્ટીને હરાવીને સરકાર બનાવી હતી. લખનઉ ગેસ્ટ હાઉસ કાંડથી ઉપર જનહિતને રાખતા ફરી એકવખત દેશમાં આ રીતે દૂષિત અને સાંપ્રદાયિક રાજનીતિને હરાવા માટે હાથ મિલાવ્યો છે.

લખનઉની હોટલ તાજમાં પત્રકાર પરિષદની શરૂઆતમાં બસપા સુપ્રીમો એ કહ્યું કે તેઓ આ પત્રકાર પરિષદ પીએમ મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ એટલે કે ગુરૂ-ચેલાની ઉંઘ ઉડાડી દીધી છે. તેમણે કહ્યું કે ૧૯૯૦ની આસપાસ ભાજપના ઝેરીલા માહોલના લીધે સામાન્ય જન જીવન પર અસર થઈ હતી અને પ્રજા ત્રસ્ત હતી. આજે પણ એવો જ માહોલ છે અને અમે એક વખત ફરીથી તેને હરાવીશું.

કેન્દ્ર અથવા રાજ્યમાં સત્તા ચાહે બીજેપી પાસે હોય કે કૉંગ્રેસ પાસે, વાત એક જ છે.'' આ તક પર માયાવતીએ કહ્યું કે, ''કૉંગ્રેસ ગઠબંધનમાં સામેલ થાય તો એસપી અને બીએસપીને કોઈ જ ફાયદો નથી. તેમનાં મોટાભાગનાં વૉટ ટ્રાન્સફર થતા નથી. બીજેપી અથવા જાતિવાદી પાર્ટીઓને તેમના વૉટ જતા રહે છે, અથવા વિચારીને કરવામાં આવેલા રણનીતિ પ્રમાણે બીજે જતા રહે છે. અમારા જેવી ઈમાનદાર પાર્ટીઓને કોઈ લાભ મળતો નથી.

સીબીઆઈના પૂર્વ ચીફ આલોક વર્માએ નીરવ મોદી-વિજય માલ્યાને મદદ કરી હતી?

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના પૂર્વ ડાયરેક્ટર આલોક વર્માની મુશ્કેલી સતત વધી રહી છે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી)એ આલોક વર્મા અને ૬ અન્ય આરોપીઓની તપાસ શરૂ કરી દીધી છે, તેમાં બેંક કૌભાંડોના આરોપી નીરવ મોદી, વિજય માલ્યા અને એરસેલના પૂર્વ પ્રમોટર સી. શિવશંકરન સામેના લુકઆઉટ સર્ક્યુલરના આંતરિક ઈ-મેઈલ લીક કરવાના ગંભીર આરોપ પણ સામેલ છે. નવા આરોપો અંગે સીવીસીએ કેન્દ્ર સરકારને માહિતગાર કરી દીધી છે, જેના વિશે ગત વર્ષે ૧૨ નવેમ્બરે સુપ્રીમ કોર્ટ સમક્ષ આલોક વર્માનો તપાસ રિપોર્ટ દાખલ કર્યા બાદ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી) દ્વારા ફરિયાદો મળી હતી. વર્મા સામે તેમના જ નંબર-૨ સ્પેશિયલ ડાયરેક્ટર રાકેશ અસ્થાના દ્વારા લગાવવામાં આવેલા ૧૦ આરોપોની તપાસના આધારે રિપોર્ટમાં જણાવાયું છે કે આલોક વર્માની પૂછપરછ કરવી જોઈએ.

વડાપ્રધાને ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં કાર્યકરોને સંબોધિત કરી કોંગ્રેસ પર પ્રહારો કર્યા

ગઠબંધનની રમત તો ટ્રેલર છે, બધા એક જ વ્યક્તિના વિરોધમાં છેઃ પીએમ મોદી

ન્યુ દિલ્હી

ભાજપના રાષ્ટ્રીય અધિવેશનના આખરી દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાંથી ઉપસ્થિત રહેલા કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. પોતાના ભાષણમાં પીએમ મોદીએ ભ્રષ્ટાચાર. સવર્ણોને અનામત, રફાલ ડીલ, બેંક કૌભાંડો, ખેડૂતોની સમસ્યાઓ, ભ્રષ્ટાચાર સહિત અનેક મુદ્દાઓ વણી લીધા હતા. પીએમ મોદીએ ભ્રષ્ટાચાર અને કૌભાંડો મુદ્દે કૉંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા.

અહીં વડાપ્રધાન અખિલેશ અને માયાવતની ગઠબંધન ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, એક કહેવત છે કે- જે ઉંઘતુ હોય તેને જગાડી શકાય છે. પરંતુ જે જાગી ગયું છે અને છતા ઉંઘવાનો ડોળ કરે છે તેને ઉઠાડી શકાય નહીં. જે પક્ષનો જન્મ કૉંગ્રેસના કારણે અને કૉંગ્રેસ વિરોધ કરવા માટે થયો હતો તેવા જ વિરોધી પક્ષો આજે એક થઈ રહ્યા છે. તેલંગાણામાં ગઠબંધનનો ખૂબ ખરાબ રીતે પરાજય થયો છે અને કર્ણાટકમાં જ્યાં સરકાર બની છે ત્યાંના મુખ્યમંત્રી કહે છે કે, તેઓ ક્લર્ક બનીને રહી ગયા છે. હજી આ તો ગઠબંધનનું ટ્રેલર છે, ફિલ્મ આવવાની તો બાકી છે. આવું પહેલી વખત થઈ રહ્યું છે કે, માત્ર એક વ્યક્તિનો વિરોધ કવા માટે બધા એખ થઈ રહ્યા છે. આમના ઈરાદા શું છે તે આપણે સમજવાના છે કે આ લોકો ભેગા થઈને એક મજબૂરી વાળી સરકાર બનાવવા માગે છે જેથી તેમની દુકાન ચાલતી રહે. તેઓ એવી મજબૂર સરકાર બનાવવા માંગે છે કે, તેમના પોતાના લોકોનું ભલુ થાય પરંતુ જનતા એવી મજબૂત સરકાર ઈચ્છે છે જેનાથી દેશના ખેડૂતો સશક્ત બની શકે. મોદીએ કહ્યું કે, આ મજબૂર સરકાર ઈચ્છે છે કે, ફરી કોમનવેલ્થ ગેમ જેવા કૌભાંડ થઈ શકે જ્યારે મજબૂત સરકાર ઈચ્છે છે કે, દેશના ખેડૂતોની સ્થિતિમાં સુધારો આવે. તેઓ પક્ષને જોડી રહ્યા છે અને અમે જનતાનું દિલ જોડવા ઈચ્છીએ છીએ. ભાજપની સરકારનો મૂળ મંત્ર છે કે, સબકા સાથ સબકા વિકાસ અને એક ભારત શ્રેષ્ઠ ભારત. જ્યારે અમે એક ભારત શ્રેષ્ઠ ભારતની વાત કરી રહ્યા છે ત્યારે એમાં અસ્મિતાઓ અને આકાંક્ષાઓ માટે પૂરું સ્થાન છે. મોદીએ કહ્યું, અમે જ્યારે ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે પહેલાની સત્ય હકીકતો સ્વીકારવી જરૂરી હોય છે. પહેલા જેમની પાસે ખેડૂતોની સમસ્યાનો ઉકેલ લાવવાની જવાબદારી હતી તેમણે શોર્ટકર્ટ કાઢ્યા. તેમણે ખેડૂતોને માત્ર મતદાતા બનાવી દીધા. અમે અન્નદાતાને ઉર્જાદાતા બનાવવા માગીએ છીએ. ખેડૂતો સામે જેટલી સમસ્યાઓ છે અમે તેટલી જ ગંભીરતાથી તેનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. અન્નદાતાને અમે નવી ઉર્જાના નવા વાહક બનાવવા માંગીએ છીએ. તેમને સશ્કત કરવા માટે ખૂબ ઈમાનદારીથી પ્રયત્નો કરી રહ્યા છીએ.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે

Parag SAREES & DRESS MATERIALS

સેલ 30% ડિસ્કાઉન્ટ

3 સાડી નેન્સી ₹330 | 3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450 | 3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999

પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકાવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવાશ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે જાહેરાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
લીફ ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ લીફ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે જાહેરાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ગુમાવે તો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રંગીલા રાજકોટમાં 'સાયકલોફન'નું આયોજન, વિદેશીઓ પણ જોડાશે

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, રોટરી મીડટાઉન લાયબ્રેરી અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા રવિવારે વહેલી સવારે ૪:૩૦ વાગ્યે રોલેક્સ સાયકલોફનનું આયોજન કરવામાં આવેલું છે. શહેરીજનો સાઈકલીંગ જેવા નોનમોટરાઈઝડ ટ્રાન્સપોર્ટેશન વિકલ્પ અપનાવે અને પ્રદુષણ ઓછું કરવામાં સહયોગી બને તેવા આશય સાથે રોલેક્સ સાયકલોફનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનમાં બહોળી સંખ્યામાં શહેરીજનો ભાગ લે, તેમ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનરે વધુમાં જણાવ્યું કે, આ સાયકલોફનમાં કુલ ત્રણ પ્રકારના રૂટ પ્રમાણે કેટેગરી રાખવામાં આવેલા છે. એક ૨૫ કી.મી.ની કેટેગરી, બીજી ૫૦ કી.મી.ની કેટેગરી અને ત્રીજી ૭૫ કી.મી. કેટેગરી રાખવામાં આવી છે. જે વ્યક્તિ સમય મર્યાદામાં રેલી પૂર્ણ કરશે તેવા તમામ લોકોનો ડ્રો કરી પુરષ્કાર આપવામાં આવશે.

૨૫ કી.મી. ના રૂટમાં રેસકોર્ષ બાલભવનથી શરૂ કરીને અંડરબ્રીજ - કાલાવડ રોડ- ન્યુ રીંગ રોડ- ઘંટેશ્વર- માધાપર ચોકડી- જામ ટાવર- આર. વર્લ્ડ- રેસકોર્ષ થઈને બાલભવનના ગેઈટ પાસે સુધી રહેશે. આ સાયકલ રેલીમાં ભાગ લેવા માટે રાજકોટ જ નહી બલ્કે સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સીરિયા, બાંગ્લાદેશ સહિતના દેશોના સાયકલપ્રેમીઓ મળી ૧૩૦૦ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

૭૫ કી.મી. ના રૂટમાં રેસકોર્ષ બાલભવનથી શરૂ કરીને અંડરબ્રીજ- કાલાવડ રોડ- ન્યુ રીંગ રોડ- ચોકીધાણી- એલ્ડોરાડો પાર્ક(ત્યાંથી રીટની)- માધાપર ચોકડી- જામ ટાવર- આર. વર્લ્ડ- રેસકોર્ષ થઈને બાલભવનના ગેઈટ પાસે સુધી રહેશે.

૫૦ કી.મી. ના રૂટમાં રેસકોર્ષ બાલભવનથી શરૂ કરીને અંડરબ્રીજ- કાલાવડ રોડ- ન્યુ રીંગ રોડ- ચોકીધાણી- ભારત હોટલ- ડેપાલીયા બસ સ્ટોપ(ત્યાંથી રીટની) માધાપર ચોકડી- જામ ટાવર- આર. વર્લ્ડ- રેસકોર્ષ થઈને બાલભવનના ગેઈટ પાસે સુધી રહેશે. આ સાયકલ રેલીમાં ભાગ લેવા માટે રાજકોટ જ નહી બલ્કે સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સીરિયા, બાંગ્લાદેશ સહિતના દેશોના સાયકલપ્રેમીઓ મળી ૧૩૦૦ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.

હળવદ યુવા ભાજપ દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ અર્પી બાળાઓને પતંગનું વિતરણ કરાયું



હળવદ શહેર-ગ્રામ્ય યુવા ભાજપ દ્વારા યુગ પુરુષ કરોડો યુવાનો ના પ્રેરણાસ્ત્રોત અને દુનિયા માં ભારત દેશ નો ડંકો વગાડ્યો એવા સ્વામી વિવેકાનંદજી ની જન્મજયંતી નિમિતે સ્વામી જી નું પૂજન કરી પુષ્પઅંજલી અર્પી હતી અને કચ્છ જિલ્લા ભાજપ ના પ્રભારી બીપીનભાઈ દવે દ્વારા સ્વામીજી ના વિચારો હાજર સૌને ને કહી અને શબ્દરૂપી અંજલિ અર્પણ કરી હતી અને સાથે ચિલ્ડ્રન હોમ ની બાળાઓ ને મકરસંક્રાંતિ નિમિતે પતંગ અને દોરી નું વિતરણ કરવામાં આવ્યું હતું એ કાર્યક્રમ માં કચ્છ જિલ્લા ભાજપ પ્રભારી બીપીનભાઈ દવે , હળવદ શહેર યુવા ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ , રણછોડભાઈ દલવાડી , અંસોયાબેન દેથરીયા , સંદીપભાઈ પટેલ ,નાગરભાઈ દલવાડી , નવીનભાઈ ચાવડા સહિત મહાનુભાવો હાજર રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી

આ કાર્યક્રમ ને શહેર યુવા ભાજપ પ્રમુખ તપનભાઈ દવે , ગ્રામ્ય પ્રમુખ ભરતભાઈ દલવાડી , મેહુલભાઈ પટેલ , રાકેશભાઈ ચાવડા, વિશાલભાઈ શેખવા સહિત યુવા ભાજપ ના કાર્યકર મિત્રો એ સફળ બનાવ્યો હતો.

પિતાની યાદમાં પુત્રએ તળાવને દત્તક લીધું, ૬ કરોડના ખર્ચે ડેવલપ કર્યું

મહેસાણા

પરિવારના કોઈ મોભીનું મોત થાય તો અનેક લોકો તેમને અનોખી રીતે શ્રદ્ધાંજલિ આપતા હોય છે. કોઈ તેમની યાદમાં સ્મૃતિ ચિન્હ બનાવે છે, તો કોઈ ચબૂતરો, કોઈ પંખીઘર તો કોઈ પરબ, તો કોઈ સેવાભાવી સંસ્થાઓ બનાવીને દાનધર્મ કરતા હોય છે. પરંતુ મહેસાણાના ઉંઝા તાલુકામાં એક પાટીદાર પરિવારે એક નવતર અભિગમ અપનાવ્યો છે. જેમાં પિતાની યાદમાં આંખે એક વ્યક્તિએ આખા તળાવને ૯૯ વર્ષ સુધી દત્તક લઈને તેને ૬ કરોડ રૂપિયાના ખર્ચે ડેવલપ કર્યું છે. પિતાની સ્મૃતિ સરોવરનું નામ હીરાભા દત્ત સરોવર રાખવામાં આવ્યું છે. જેને આગામી ૧૫મી જાન્યુઆરીના રોજ ઊંઝા તાલુકાને ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

ઊંઝા તાલુકાના મુક્તપુર ગામના વતની રમેશભાઈ અને તેમના પુત્ર કલ્પેશભાઈએ પોતના પિતા અને દાદા હીરાભાઈ અમથારામ પટેલની સ્મૃતિમાં સમાજને કંઈક આપવાનું નક્કી કર્યું હતું. તેથી આ ભાવના સાથે તેમણે ગામમાં આવેલ તળાવની પસંદગી કરી. જ્યાં વર્ષોથી બાવળ સિવાય કંઈ જ ઉગતુ ન હતું અને સાવ કોરુ હતું. આ તળાવમાં ઉતરતા પણ લોકોને બીક લાગતી હતી. પરંતુ રમેશભાઈ અને કલ્પેશભાઈને પગલે આ કાણિયા તળાવ આજે હીરાભા દત્ત તળાવ બની ગયું છે. ૬ કરોડના ખર્ચે આ તળાવ હકીકતમાં હીરા જેવું બની ગયું છે. રિનોવેશન બાદ તેનું હીરાની જેમ નક્શીકામ કરાયું હોય તેવું લાગે છે. હવે ગામના લોકો પણ આ તળાવને જોઈને મોહુ મચકોડતા નથી, પણ જોઈને મલકાય છે.

એક સમયે રાતના અંધારામાં ભયજનક લાગતા, ગામનો કચરો ઠાલવવાનું સ્થળ બની ગયેલા આ પૌરાણિક કાણિયાં તળાવને રમેશભાઈ પટેલે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પરથી પ્રેરણા લઈ પુનઃ નિર્માણ કરવાનું સપનું જોયું. જેને હીરાભા દત્ત સરોવર તરીકે વિકાસ કરી આજે આખરી ઓપ અપાઈ રહ્યો છે. તળાવનું પુનઃ નિર્માણ થતાં ગામલોકોને મનોરંજન હેતુ હવે ક્યાંય બહાર જવાની જરૂર નહીં પડે.

વાઈબ્રન્ટ સમિટઃ ૬૦૦ સીસીટીવીની બાજનજર, ૫૦૦૦ પોલીસ ખડેપગે તૈનાત

ગાંધીનગર

૧૮થી ૨૦ જાન્યુઆરી દરમિયાન મહાત્મા મંદિરમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં પીએમ મોદી અને વિવિધ દેશોના ઉદ્યોગપતિઓ હાજર રહેવાના હોવાથી ગુજરાત સરકારે પાંચ હજારથી વધુ પોલીસ કર્મીઓને ફરજ સોંપી છે. મહાત્મા મંદિરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ માટે સઙ્ઘડ સુરક્ષા વ્યવસ્થા ને લઈ માઈકો પ્લાનિંગ કરવામાં આવ્યું છે. જેથી ૧૬ જાન્યુઆરીથી ગાંધીનગર ઉપરાંત અમદાવાદ એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીનો રોડ પોલીસ છાવણીમાં ફેરવાશે.

વીવીઆઈપીની સુરક્ષા માટે અલગ અલગ સુરક્ષા પોઈન્ટ જેવા કે રાજ ભવન, મહાત્મા મંદિર, એરપોર્ટથી ગાંધીનગરનો માર્ગ, આ જગ્યા ઉપર વિશેષ બંદોબસ્ત ઉપરાંત સીસીટીવી લગાવાયા છે. ખાસ કરી ગાંધીનગરના હેલિપેડ અને મંત્રી આવાસ વિસ્તારમાં ૬૦૦થી વધુ સીસીટીવી લગાવી દેવામાં આવ્યા છે, જેથી મહાત્મા મંદિરથી એરપોર્ટ સુધીની વીવીઆઈપીની અવરજવર ઉપર મોનિટરિંગ સેલ દ્વારા ખાસ રાઉન્ડ ધ ક્લોક વોચ રાખી શકાશે.

આ ઉપરાંત મહાત્મા મંદિરની આસપાસ ડ્રોન દ્વારા ટ્રેકિંગ કરવામાં આવશે અને વાઈબ્રન્ટ સમિટના સ્થળ મહાત્મા મંદિરથી એરપોર્ટ સુધી લાવવા અને લઈ જવા માટે વિશેષ ૫ પાઈલોટિંગ સેલ બનાવવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ અને ગાંધીનગરના ટ્રાફિક પોલીસ દ્વારા વ્યવસ્થા કરાશે.

માત્ર એટલું જ નહીં, દરેક પોલીસ અધિકારી અને કર્મચારીઓને પોતાના મોબાઈલ પરથી જ તેમને ફાળવાયેલ અને તેના પોઈન્ટ અંગેની માહિતી આપવામાં આવશે. તેમજ અલગ-અલગ જિલ્લાના પોલીસ અધિકારી-કર્મચારીઓને તબક્કાવાર બંદોબસ્ત પોઈન્ટ ફાળવવામાં આવશે.

પ્રેમિકાને મળવા ગયેલા પ્રેમીનું ઝાડ સાથે બાંધી મુંડન કરાયું

બનાસકાંઠા

બનાસકાંઠાના ડોડિયા ગામે મોડી રાત્રે વિચિત્ર ઘટના બની હતી. મોડી રાત્રે પ્રેમિકાને મળવા ગયેલા પ્રેમીને ઝાડ સાથે બાંધીને તેનું ટકલુ કરવામાં આવ્યું હતું.

લાખણીના ડોડિયા ગામની મોડી રાત્રેની આ ઘટના બની હતી. જેમાં મોડી રાત્રે પ્રેમિકાને મળવા આવેલા યુવકને પકડીને ઝાડ સાથે બાંધી દેવાયો હતો. તથા તેના વાળ ઉતારી લઈને તેનું મુંડન કરાયું હતું. પ્રેમિકાને મળવા ગયેલા યુવકને માથે ટકો કરતો અને તેના ભૂંડા હાલ કરતો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

જિલ્લામાં અવારનવાર આવી અનેક ઘટનાઓના વીડિયો સામે આવતા રહે છે. જોકે, પ્રેમીના આ હાલ વિશે હજી કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરાઈ નથી.

૨૮ માર્ચની પરીક્ષા ૨ મેએ અને ૨ મેની પરીક્ષા ૪ મેના રોજ લેવાશે

સીબીએસઈ ધો. ૧૦-૧૨ની પરીક્ષાના ટાઈમટેબલમાં ફેરફાર

અમદાવાદ

ધોરણ-૧૦ અને ૧૨ની સીબીએસઈ બોર્ડ પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર થઈ ચૂક્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત થઈ ચૂક્યા છે ત્યારે બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરીક્ષામાં થોડો ફેરફાર કરાયો છે તે મુજબ ૨૮ માર્ચના રોજ લેવાનારી પરીક્ષા ૨ મેના રોજ લેવાશે અને ૨ મેના રોજ લેવાનારી પરીક્ષા ૪ મેના રોજ લેવાશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનું શેડ્યૂલ માર્ચ મહિનાનું જાહેર કરાયેલું છે. દરમિયાન ૨૮ માર્ચ અને ૨ મેની પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓએ ફરિયાદ અને રજૂઆતો બોર્ડને કરી હતી. આ અનુસંધાને બોર્ડ દ્વારા પરીક્ષા શેડ્યૂલમાં બદલાવ કરાયો છે.

નવા જાહેર કરાયેલા પરીક્ષા શેડ્યૂલ મુજબ ધોરણ-૧૨ની ૨૮ માર્ચના રોજ લેવાનારી બોર્ડની ઈન્ફર્મેટિક્સ પ્રેક્ટિસ, કમ્પ્યૂટર સાયન્સ અને બે વિષયની પરીક્ષા ૨ મેના રોજ લેવાશે જ્યારે ૨ મેના રોજ લેવાનારી ફિલોસોફી એન્ટરપ્રિનિયોરિશપ, હ્યુમનરાઈટ્સ એન્ડ જેન્ડર સ્ટડીઝ, થિયેટર સ્ટડીઝ, લાઈબ્રેરી એન્ડ ઈન્ફો સાયન્સ એમ પાંચ વિષયની પરીક્ષા ૪ મેના રોજ લેવાશે. આ સિવાયની તમામ પરીક્ષાની તારીખ બોર્ડે અગાઉ જાહેર કરેલા શેડ્યુલ મુજબ લેવાશે.

બોર્ડે અગાઉ પ્રેક્ટીકલ અને થીયરીટીકલ બંને પરીક્ષાની જાહેરાત કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે આચાર્યોએ પણ ફરિયાદ બાબતે સહમતી બતાવી હતી, જેથી બોર્ડે નવું રિવાઈઝ શેડ્યૂલ જાહેર કર્યું છે.

બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં બે પિતરાઈ ભાઈના મોત

વડોદરા

સાવલી-પોઈચા રોડ પર બાઈક અને જીપ વચ્ચે અકસ્માત થતા બે પિતરાઈ ભાઈઓના મોત થયા હતા. બાઈક ચાલકે હેલમેટ પહેર્યું હતું પણ ટક્કર એટલી ભયાનક હતી કે બચી ન શક્યા.

આણંદના અહીમા ગામમાં રહેતા મહેન્દ્રસિંહ અને જગદીશસિંહ સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસી સ્થિત એબીબી કંપનીમાં નોકરી કરતા હતા. બંને ભાઈ રોજ એકજ બાઈક ઉપર નોકરી જતા અને સાથે પરત ફરતા હતા. આજે સવારે ૬ વાગે આહીમા ગામથી તેઓ નોકરી જવા માટે નીકળ્યા હતા. સાવલી-પોઈચા રોડ ઉપર બાલાનાપુરા ગામ પાસેથી પસાર થતા હતા. ત્યારે પૂરપાટ ઝડપથી આવતી તુફાન ગાડીએ બાઈકને ટક્કર મારતા બંને ભાઈ ફંગોળાઈ ગયા હતા.

આ બનાવની જાણ મહેન્દ્રસિંહ ચાવડાના પિતા તેમજ સાવલી તાલુકાના રાણીયા ગામે આવેલી તેની સાસરીમાં થતાં પિતા અને સાસરીયાઓ સ્થળ પર દોડી આવ્યા હતા. જયાં પરિવારજનોને મહેન્દ્રસિંહ અને જગદીશસિંહ બંનેના મોત થયા હોવાની જાણ થતાં, તેઓના હૈયાફાટ રૂદને સન્નાટો પાથરી દીધો હતો. ગિરીશસિંહ ચાવડાએ તુફાન ગાડીના ચાલક સામે સાવલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

સંતોની કારને અકસ્માત નડતા પાંચ ઈજાગ્રસ્ત

જુનાગઢ

જૂનાગઢના કેશોદના કોયલાણા પાસે કારને અકસ્માત નડ્યો હતો. જેના પગલે કારમાં બેઠેલા પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. તમામ ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સુત્રોના જણાવ્યા પ્રમાણે વાસણાના સ્વામી સંપ્રદાયના સંતો કારમાં સવાર હતા. જેમાં ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંતા તેમને જૂનાગઢ રિફર કરાયા છે.

મળતી માહિતી પ્રમાણે જુનાગઢ જિલ્લાના કેશોદના કોયલાણા પાસે શનિવારે એક કાર સાથે અકસ્માત સર્જાયો હતો. જેના પગલે કારમાં બેઠેલા પાંચ લોકોને ઈજા પહોંચી હતી. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કેશોદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઘાયલો પૈકી ત્રણની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વધુ મળતી માહિતી પ્રમાણે કારમાં વાસણાના સ્વામી સંપ્રદાયના સંતો સવાર હતા. સદનસિબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

જૂની પરંપરા તોડી દીકરીઓએ માતાની નનામીને કાંધ આપી

રાજકોટ

સામાન્ય રીતે કોઈના મૃત્યુ પછી અંતિમ યાત્રામાં ડાઘુઓ સાથે સ્મશાનમાં મહિલાઓ જતી નથી એવું માનવામાં આવે છે. પરંતુ રાજકોટમાં દીકરીઓએ માન્યતા તોડી સ્મશાનમાં જઈ 'પુત્ર ધર્મ' નિભાવ્યો હતો. રાજકોટમાં રહેતા મધુબેન પરમારનું ૮૨ વર્ષની ઉમરે નિધન થયું હતું. ત્યારે તેમની સાત દીકરીઓએ અંતિમ સંસ્કાર કર્યો હતો.

આ મામલે મળતી માહિતી પ્રમાણે મૃતક મધુબેનને સંતાનમાં કોઈ પુત્ર ન હતા. તેમને સાત દીકરીઓ હતી. મધુબેનનું નિધન થતા તેમની સાત દીકરીઓ માતાના અંતિમસંસ્કાર કર્યા હતા. આ દ્રશ્યો જોઈને ગામ લોકોની આંખ પણ ભીંજાય ગઈ હતી.

રાજકોટમાં એવા દ્રશ્યો જોવા મળ્યા જે ક્યારેય જોયા નહીં હોય. દીકરાઓની કમી પૂરી કરનારી સાત દિકરીઓએ ૮૨ વર્ષની માતા મધુબહેન પરમારની નનામીને કાંધો આપ્યો છે. પુત્રની ગરજ પૂરી કરનારી સાત દિકરીઓએ પુત્ર બની માતાના અંતિમ સંસ્કાર કર્યા હતાં. મધુબહેનના મોતથી પરિવાર શોકમાં છવાઈ ગયો છે. આ પહેલા પણ ગોંડલ તાલુકામાં આવેલા મોટાદડવા ગામનાં પટેલ નાનજીભાઈ ધનજીભાઈ વસાણી ઉંમર ૭૫ વર્ષે અવસાન થયું હતું તેમની બે દીકરી મનીશાબેન, દયાબેન તેમજ સ્નેહી-સગા સરોજબેન તેમજ લીલાબેનએ કાંધ આપી હતી. એટલું જ નહીં, હૃદય કઠણ કરીને દીકરીઓએ પિતાની ચિતાને મુખાગ્નિ આપી અગ્નિસંસ્કાર પણ કર્યા. આ જોઈને ગામ પણ ભાવુક બન્યું હતું.

સમુદ્રમાં દાઝેલા વિદેશી ક્રૂ મેમ્બરને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર

પોરબંદર

પોરબંદરના સમુદ્રમાં વિદેશી ક્રૂ મેમ્બરને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સે સારવાર આપી હતી અને સમયસર હોસ્પિટલે પહોંચાડ્યો હતો. પોરબંદરના દરિયામાં છ નોટિકલ માઈલ દૂરથી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સને કોલ મળ્યો હતો કે પનામા દેશની ગ્લોરી સ્કાય નામની શીપના કર્મચારીને ગરમ પાઈપલાઈનમાં હાથ અડી જતા હાથમાં બળતરા થાય છે, ચક્કર આવે છે અને ઊલટી થાય છે. જેથી બોટ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી તથા સ્ટાફ બોટ એમ્બ્યુલન્સ લઈ સમુદ્રમાં તાત્કાલિક દોડી ગયા હતા .જેમાં વિદેશી શીપ ગ્લોરી સ્કાયમાં દાઝી ગયેલા ફિલિપાઈન્સ દેશના ક્રૂ મેમ્બર ગોનઝાલ્સ જે. મેલબાનન (ઉ.વ.૩૫) ને મધદરિયે સારવાર આપી હતી. તેમજ ત્યારબાદ રોડ એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો.

વાહ..રે..મનપા...એલઈડી સ્ક્રીન પર કરદાતાઓના નામ મુકી દીધા

રાજકોટ

ભારતમાં ટેક્સ ચોરોની કમી નથી. લાખો-કરોડો કમાતા લોકો પણ વધુમાં વધુ કેટલો ટેક્સ બચાવી શકાય તેની ઝંઝટમાં પડતા હોય છે. તો કેટલાક તો એવા છે જે ટેક્સ ચૂકવતા નથી. ત્યારે રાજકોટ મનપાએ અનોખી રીતે બાકી પ્રોપર્ટી ટેક્સવાળાઓના કાન આમળ્યા છે. મનપા દ્વારા રાજકોટમાં વિવિધ સ્થળે એલઈડી સ્ક્રીન પર કરદાતાઓના નામ મૂકી દેવાયા છે, જેની પોઝીટિવ અસર બાકી ટેક્સવાળાઓ પર જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ મનપા દ્વારા જેઓએ પ્રોપર્ટી ટેક્સ ભરવાનો બાકી છે તેઓ માટે અનોખો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા દ્વારા કરદાતાઓના નામ એલઈડી સ્ક્રીન પર મૂકાયા છે. આવી એલઈડી સ્ક્રીન રાજકોટમાં વિવિધ સ્થળોએ લગાવાવમાં આવી છે. રાજકોટમાં કરદાતાઓ પાસેથી ૧ કરોડથી વધુના ટેક્સ બાકી હોઈ અને મનપા દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અન્ય મહાનગરપાલિકાઓને બાકી કરદાતાઓને વારંવાર ટેક્સ ભરવા માટેની નોટિસ મોકલવામાં આવે છે.





રાજ્યમાં પર્યાવરણની જાળવણી માટે અભિયાનો ચલાવાય છે અને રાજ્ય સરકાર વિકાસના કામોમાં વૃક્ષોનું નિકંદન કાઢી નાંખે છે. તો મોટા સ્થપાતા કે એકમનું વિસ્તરણ કરવા પણ વૃક્ષોનો ભોગ લઈ પર્યાવરણ જાળવણીનો ખાતમો બોલાવી દેવાય છે ત્યારે ગુજરાત વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ માટે રસ્તા પર નડતા વૃક્ષોની ડાળીઓ કાપવાના બદલે લોકોને પશુ-પક્ષીને આશિર્વાદ રૂપ વાહન વ્યવહારને નડતરરૂપ નથી તેવા વૃક્ષોની ડાળીઓનો કાપીને ખો બોલાવાઈ રહ્યો છે. ત્યારે છે કોઈ રૂપાણી સરકારનો માઈનો લાલ...કે આવી ખોટી પ્રવૃત્તિ અટકાવે...!!?

માઇનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા કરાઈ જાહેરાત

અમારી માગ નહીં સંતોષાય તો વાયબ્રન્ટ ગુજરાતનો વિરોધ કરીશું

ગાંધીનગર

ગુજરાતમાં માઇનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે, તેઓ આગામી વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯નો વિરોધ કરશે.

આ સમિતિએ જણાવ્યું કે, ભારતે માનવ અધિકારો ની વૈશ્વિક ઘોષણા, લઘુમતીઓ માટે ના યુનિવર્સલ ડેકલેરેશન અને જીજંક્ષૈહક્કહ્વી ક્ષીદ્વીર્ઙ્મૈદ્વીહં ર્ક્કક્ષજ જેવી આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ કરેલો છે અને સરકારે તે મુજબ કાર્ય કરવાનું રહે છે પરંતુ ગુજરાત સરકાર આ બધી સમજુતીઓ નો ભંગ કરી રહી છે અને તેની સામે અંતરરાષ્ટ્રીય મેહમાનોને બોલાવવા માં કોઈ શરમ નથી કરી રહી.

માયનોરીટી કો-ઓર્ડીનેશન કમિટી છેલ્લા બે વર્ષો થી લઘુમતીઓ ના અધિકારો ને લઈને સરકાર સાથે મંત્રણા કરવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ સરકાર તાયફા કરવામાં વ્યસ્ત છે અને ભારતના બંધારણ અને અંતરરાષ્ટ્રીય સમજૂતીઓ નું પાલન કરવામાં જાણી જોઈ ને ઠાગાઠૈયા કરી રહી છે.

આથી માયનોરીટી કો ઓર્ડીનેશન કમિટી વાઈબ્રન્ટ સમીટ ગુજરાત નો ઉગ્ર વિરોધ કરવા જઈ રહી છે અને સાથે સાથે વાઈબ્રન્ટ માં આવતા દરેક દેશ ના દુતાવાસને પત્ર લખશે અને અપીલ કરશે કે તેઓ ગુજરાત સરકારને અંતરરાષ્ટ્રીય સમજૂતીઓ નું પાલન કરવા માટે દબાણ લાવે અને જો સરકાર લઘુમતીઓને તેમના અધિકાર નહીં આપે તો વાઈબ્રન્ટ સમીટ નો બહિષ્કાર કરે.

"ભારતના પ્રધાન મંત્રી પણ ગુજરાત થી જ આવે છે પરંતુ દેશના બીજા રાજ્યોમાં જે વ્યવસ્થાઓ અને માળખા અસ્તિત્વમાં છે તેવા માળખા પણ ગુજરાતમાં નથી તેમજ લઘુમતીઓના વિકાસ અને રક્ષણ માટે પણ કોઈ ખાસ વ્યવસ્થા નથી, આમ ભારતના બંધારણ અને આંતરરાષ્ટ્રીય સમજુતીઓ નો ખુલમ ખુલ્લા ઉલંઘન કર્યા છતાં વાયબ્રન્ટ ગુજરાત જેવા આયોજન કરીને દુનિયા ને ભ્રમિત કરી રહી છે, ગુજરાત સરકાર વાયબ્રન્ટ ગુજરાત પોતાની વેબ સાઈટ અરબીમાં બનાવે છે પરંતુ મદરસા એજ્યુકેશનને માન્યતા નથી આપતી આવી દોગલી નીતિ અપનાવી ને વાયબ્રન્ટ માં બીજા દેશોને આકર્ષવા નો પ્રયત્ન થઈ રહ્યો છે" મુજાહિદ નફિસે આક્ષેપ કરતા કહ્યુ.

દેશનો સૌથી પ્રથમ મીડવાઈફરી પ્રોજેક્ટ સુરત સિવિલમાં શરૂ થશે

સુરત

સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના લક્ષ પ્રોગ્રામની સમિક્ષા કરવા માટે રાજયના આરોગ્ય કમિશનર ડો. જયંતિ રવિ આવ્યાં છે. આ તબક્કે સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા મુખ્ય અને પાયાની રજૂઆતો જ ન કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સિવિલના કેમ્પસની મુલાકાત લીધા બાદ જયંતિ રવિએ દેશનો પ્રથમ પાયલટ પ્રોજેક્ટ સુરત સિવિલથી શરૂ કરવાની વાત કરી હતી.

ડો. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, મીડવાઈફરી પ્રોજેક્ટનું રોલઆઉટ કરવા જઈ રહ્યાં છીએ જેનો પાયલટ પ્રોજેક્ટ દેશભરમાં સૌ પ્રથમ સુરત સિવિલમાં કરાશે. સારી ટ્રીટમેન્ટ મળી રહે તે દિશામાં તેઓ કામ કરી રહ્યાં છે. બાળકના જન્મ બાદ સૌ પ્રથમ માતાનું સ્તનપાન બાળકને કરાવવામાં આવે તે જરૂરી હોવા સાથે માતાના દૂધને બાળક માટે સૌ પ્રથમ રસી હોવાનું ગણાવ્યું હતું.

આ યોજના ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં સુરતમાં શરૂ થઈ રહી છે. આખા ભારતમાં ગુજરાતની કામગીરી સૌથી સારી હોવાનું રાજ્યના કમિશનરે જણાવ્યું છે. જેમાં પણ સુરત સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગમાં થતી પ્રસુતિની કામગીરી અને પીડિયાટ્રીક વિભાગમાં થતી બાળકોની સારવારને પ્રશંસનીય ગણાવી છે. સુરત ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં રેફરન્સ સેન્ટર ઉભું કરાશે અને હોસ્પિટલમાં નિષ્ણાત તબીબો દ્વારા સારવાર કરાઈ એવું આયોજન સાથે કામ ચાલી રહ્યું છે. તેમજ સગર્ભાને નજીકના સેન્ટર પર પ્રસુતિ સુવિધા મળી રહે અને આગામી દિવસોમાં ઘર બેઠા પ્રસુતિ કરાવાઈ એવા આયોજન સાથે સરકાર કામ કરી રહી હોવાનું કમિશનર જયંતી રવીએ જણાવ્યું છે.

બાળકીની નજર સામે જ માતાએ ગળે ફાંસો ખાતા ચકચાર મચી

સુરત

હજીરા સ્થિત એસ્સાર કંપનીમાં એસએમપી પ્લાન્ટના ઈલેક્ટ્રિક મેન્ટેન્સ ઓપરેટરની પત્નીએ શુક્રવારની મોડી સાંજે ફાંસો ખાઈ લીધો હતો. બે વર્ષની બાળકની નજર સામે જ માતાએ ફાંસો ખાઈ લીધા બાદ મૃતદેહને પીએમ માટે સુરત સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની પોલીસે તપાસ હાથ ધરી છે.

હજીરા નંદ નિકેતન એસ્સાર ટાઉનશીપ કે/૩-૨૨ ખાતે રહેતાં મૂળ તમિલનાડુના સંદિપકુમારના પત્ની ભુવનેશ્વરી (૩.વ.આ.૨૧) ફાંસો ખાઈ લીધો હતો. પતિ સંદિપ દૂધ લેવા ગયો એ દરમિયાન રૂમનો દરવાજો બંધ કરીને ભુવનેશ્વરીએ ફાંસો ખાઈ લીધો હતો. પતિ પરત આવતાં દરવાજો ન ખોલતા તથા દીકરીના રડવાના અવાજથી સંદિપે પાડોશીના ઘરની ગેલેરીમાંથી ડોકીયું કરતાં પત્નીનો લટકતો મૃતદેહ જોવા મળ્યો હતો. જેથી તેણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

સંદિપ છેલ્લા ૧૦ વર્ષથી સુરતમાં નોકરી માટે આવી ગયો હતો. આ દરમિયાન તેની નજર ભુવનેશ્વરી સાથે વતનમાં મળી ગઈ હતી. ત્રણેક વર્ષના પ્રેમ બાદ બન્નેના પરિવારની સહમતીથી એરેન્જ મેરેજ થયાં હતાં. તેમને સંતાનમાં એક માત્ર બે વર્ષની દીકરી જ છે.

પાડોશીએ ૩ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું અનુમાન

સુરત

સુરતના હજીરામાં બાળકી પર થયેલા દુષ્કર્મ મામલે ક્રાઈમ બ્રાન્ચે ૭ શંકાસ્પદ લોકોની પૂછપરછ હાથ ધરી છે. સાથે જ પોલીસ કમિશનરે સઘન તપાસ હાથ ધરી છે. પોલીસે ઘર તેમજ ઘટનાસ્થળની મુલાકાત લઈ તપાસ તેજ કરી છે. બાળકીના પડોશીએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું પ્રાથમિક અનુમાન છે.

મહત્વનું છે કે બે દિવસ પહેલા સુરતના હજીરામાં ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મની ઘટના બની હતી. દુષ્કર્મ બાદ બાળકીને હજીરા નજીક ઝાડીઓમાં ફેંકી દેવામાં આવી. જ્યાંથી તે લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી.











તંત્રી સ્થાનેથી...

આડેધડ નિવેદનાજી

દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં કેટલાક નેતાઓ, કેટલીક સંસ્થાઓ અને કેટલાક બુદ્ધિજીવી લોકો પણ રામ મંદિર, ભગવાન, ધર્મ અને અન્ય તમામ મામલે આડેધડ નિવેદન કરીને મોટી મોટી સમસ્યા ઉભી કરી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે ભારતને એક આદર્શ દેશ બનાવી દેવા માટે બંધારણ દ્વારા દર્શાવવામાં આવેલા રસ્તા પર ચાલીને વૈજ્ઞાનિક મિજાજવાળા રાષ્ટ્રનુ નિર્માણ કરવા માટે રાષ્ટ્રવાદના નામ પર કરવામાં આવતા આડેધડ નિવેદનબાજીથી દુર રહેવાની જરૂર રહેશે. દેશના જાણકાર લોકો અને પરિવારમાં પણ મોટા લોકો વર્ષોથી કહેતા આવ્યા છે કે જો કોઇ વિષય અંગે પુરતી માહિતી ન હોય તો તે વિષય પર નિવેદન કરવા જોઇએ નહી. આના કારણે ભારે નુકસાન થવાની શક્યતા રહે છે. સાથે સાથે વિવાદ પણ થવાનો ખતરો રહે છે. સમાજના જુદા જુદા વર્ગોની અંદર તંગદીલી પણ આના કારણે ફેલાઇ જાય છે. કોઇ પ્રદેશમાં ટોપ પર બેઠેલી વ્યક્તિ જ્યારે આવા નિવેદન કરે છે ત્યારે ચિંતા થાય તે સ્વાભાવિક છે. તેમના આવા નિવેદનને હળવાશથી પણ લઇ શકાય તેમ નથી. આશ્ચર્યજનક બાબત એ છે કે વિવાદાસ્પદ નિવેદનનો મોડેથી બચાવ પણ કરવામાં આવે છે. જે વધારે ખતરનાક સ્થિતીને જન્મ આપે છે. અગરતલામાં હાલમાં જ એક જાહેર કાર્યક્રમમાં ત્રિપુરાના મુખ્યપ્રધાન વિપ્લવે કહ્યુ હતુ કે ઇન્ટરનેટ અને સેટેલાઇટ જેવી આધુનિક ચીજોની શોધ અમે મહાભારતના યુગમાં પણ જ કરી ચુક્યા છીએ. એક અન્ય મોકા પર તેઓએ કહ્યુ છે કે મેકેનિકલ એન્જિનિયરોને સિવિલ સર્વિસ પસંદ કરવી જોઇએ નહી. પરંતુ સિવિલ એન્જિનિયરોને સિવિલ સર્વિસમાં જવુ જોઇએ. આડેધડ નિવેદનની હદ તો એ વખતે થઇ જાય છે જ્યારે વિપ્લવ દેવ ડાયના હેડનની વિશ્વ સુન્દરી બનવાની સિદ્ધી પર પણ પ્રશ્નો ઉઠાવે છે. તેમની માહિતીનુ સ્તર એ રહ્યુ છે કે વિપ્લવ કહી ચુક્યા છે કે બુદ્ધ ભારતથી યાત્રા કરીને જાપાન ગયા હતા. ચાલીને તેઓ જાપાન પહોંચ્યા હતા. જાણકાર લોકો હમેંશા કહે છે કે જ્યારે કોઇ વિષયની પુરતી માહિતી ન હોય ત્યારે કોઇ પણ રીતે આડેધડ નિવેદનબાજી કરવી જોઇએ નહી. વિરોધાભાસ ધરાવતા આ પ્રકારના નિવેદન મજાક તો સર્જી છે પરંતુ સાથે સાથે સામાન્ય લોકોને દુખી પણ કરે છે. આ પ્રકારના નિવેદન સામાન્ય લોકોને મનોરંજન આપવાના બદલે તેમને ઠેસ વધારે પહોંચાડે છે. અમારા ત્યાં એવા નેતાઓની યાદી લાંબી છે જે જેમ તેમ નિવેદન કરીને હમેંશા પ્રશ્નો કરતા રહે છે. આ પ્રકારના વરિષ્ઠ લોકો ટોપ પર રહીને પણ આડેધડ નિવેદનબાજી કરે છે. રામ મંદિર સહિત સંવેદનશીલ મુદ્દા પર પણ નેતાઓ તેમના આડેધડ નિવેદન કરવાથી પીછેહટ કરતા નથી. જેના કારણે સ્થિતી વધારે તંગ બની જાય છે. ધર્મ સાથે જોડાયેલા મુદ્દા પર પણ નિવેદન બાજી કરવામાં આવે છે. હાલમાં જ યોજાયેલી વિધાવસભાની ચૂંટણી દરમિયાન પહેલા યોગી આદિત્યનાથ અને ત્યારબાદ અન્ય નેતાઓએ ભગવાન હનુમાનને લઇને પણ જુદી જુદી ગંભીર ટિપ્પણી કરી હતી. જેના કારણે વિવાદ થયો હતો. જે વિષય પર માહિતી ન હોય તે મામલે ટિપ્પણી જટિલ સ્થિતી સર્જી કાઢે છે.

સંવેદનશીલ મુદ્દા અને ધર્મના મામલે કોઇ પણ આડેધડ અભિપ્રાયો નુકસાન કરે છે

બાળકોને યોગ્ય ભોજન આપો

બાળકોને ગ્રોઇંગ એજમાં પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક અને યોગ્ય ડાઇટ આપવાની સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બાળકો સાથે બળજબરી પૂર્વક ન કરવી જોઇએ. બાળકોને પસંદગીની ચીજવસ્તુઓ આપવા માટે યોગ્ય વલણ અપનાવવાની સલાહ પણ આપવામાં આવી છે. અભ્યાસ મુજબ દરેક ચીજના પોષક તત્વો અંગે પહેલાં માતા-પિતા માહિતી મેળવે તે જરૂરી છે. માહિતી મેળવી લીધા બાદ બાળકોને ખૂબ જ સાવધાનીપૂર્વક આ ચીજવસ્તુઓ આપવી જોઈએ. બાળકોની ગ્રોઇંગ એજમાં તેમના માટે પોષક તત્વો ખૂબ જ જરૂરી છે પરંતુ આધુનિક સમયમાં ફૂડ વિકલ્પો વધી ગયા છે જેના પરિણામ સ્વરૂપે બાળકો જંક ફૂડની તરફ આકર્ષિત થયા છે. ન્યુટ્રીસનિસ્ટ સુનિતા દુબેનું કહેવું છે કે માતા-પિતાને બાળકોમાં ખાવા-પીવાની સારી ટેવ પાડવી જોઈએ. જો શરૂઆતથી જ આ ટેવ પાળવામાં આવે તો જીવનમાં આ ટેવ યથાવત્ રહે છે અને તેનો ફાયદો રહે છે. બાળકોની ડાઈટને લઈને નિષ્ણાંતોનું કહેવું છે કે સાવધાનીપૂર્વકનું વલણ ખૂબ જરૂરી છે. આનાથી બાળકોને એનર્જી મળવાની સાથે સાથે તેમના દીમાગ પણ સાર્ફ બને છે. એટલામાં ઓછું હોય તેમ તેમના મૂડ ઉપર પણ આની અસર થાય છે. ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ ડૉક્ટર નુપુર કૃષ્ણનનું કહેવું છે કે બાળકોને એનર્જીની ખૂબ જ વધારે જરૂર હોય છે. કારણ કે બાળકો આ વખતે ગ્રોઈંગ એજમાં હોય છે. આમા કોઈ બાંધછોડ કરવામાં આવે તો તેમના વિકાસ ઉપર અસર થાય છે.

લોકસભા ચૂંટણી : ક્ષેત્રીય દળો-રાષ્ટ્રીય દળોને લઈને મતદાર ગુંચમાં

તમિળનાડુમાં મતદારો ભારે દુવિધામાં



જયલલિતા અને કરૂણાનિધી જેવા લોકપ્રિય નેતાઓના અવસાન બાદ તમિળનાડુમાં કોઈ ચહેરા નથી : ચૂંટણી નવી દિશા નક્કી કરી શકે છે

લોકસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં લાગેલા છે. લોકસભાની ચૂંટણીમાં તમિળનાડુની પણ નિર્ણાયક ભૂમિકા રહે છે કારણ કે આ રાજ્યમાં પણ લોકસભાની ૩૯ સીટો રહેલી છે. જેથી કોઇ પણ રાજકીય પક્ષને આ રાજ્ય પર ધ્યાન આપ્યા વગર કામ ચાલી શકે તેમ નથી. દિલ્હીમાં જે પાર્ટી સરકાર બનાવે છે તે પાર્ટીને આ રાજ્યમાં લોકો અને પાર્ટીનુ સમર્થન પણ જરૂરી રહે છે. આ વખતે શંકાની નજર તમિળનાડુ પર કેન્દ્રિત થઇ ગઇ છે. આ બાબત જોવાની રસપ્રદ રહે શે કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં રાજ્યના મતદારો ક્ષેત્રીય પક્ષો પર વિશ્વાસ કરે છે કે પછી રાષ્ટ્રીય દળો પર વિશ્વાસ રાખે છે. ચહેરાના નામની વાત કરવામાં આવે તો હવે બે દિગ્ગજ નેતા રહ્યા નથી. જેમાં જયલલિતા અને કરૂણાનિધીનો સમાવેશ થાય છે. બંને નેતાઓના અવસાન બાદ બંને ક્ષેત્રીય પક્ષો માટે પણ આ ચૂંટણી નિર્ણાયક સાબિત થનાર છે. મતદારો કરૂણાનિધીની ડીએમકે પર વિશ્વાસ મુકે છે કે પછી જયાના અન્નાદ્રમુક પર વિશ્વાસ મુકે છે તે બાબત નિર્ણાયક રહી શકે છે. પરંપરાગત દળ અથવા ફિલ્મી સ્ટાર છવાશે તે બાબત પણ અસરકારક રહેનાર છે. ચાર દશક પહેલા હી મેન ધર્મેન્દ્રની એક ફિલ્મ શાલીમાર આવી હતી. ફિલ્મમાં એક ગીત હુ આઇના હો હી રહેતા હે ચહેરે બદલ જાતે હે. આજના દિવસે તમિળનાડુની રાજનીતિમાં આ ગીત બિલકુલ યોગ્ય બેસે છે.રાજયના રાજકીય અરીસામાં મતદારો એવા ચહેરાને શોધી રહી છે જે તેમના કામોને સમજી શકે અને તેમને રાહત આપી શકે. કરૂણાનિધી અને જયાના અવસાન બાદ તમિળનાડુમાં કોઇ લોકપ્રિય ચહેરા લોકોમાં નથી. તેમના અવસાનના કારણે શુન્યની સ્થિતીને ભરવા માટે કોઇ ચહેરા નથી. તમિળનાડુ એક દમદાર ચહેરાની તલાશમાં છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે દળોની જંગી ભીડમાં કોઇ ચહેરા મળી રહ્યા નથી. જનતા જેના પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી શકે તેવા કોઇ ચહેરા નથી. છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં તમિળનાડુમાં ૪૩ વર્ષ સુધી ત્રણ ચહેરા છવાયેલા રહ્યા હતા. ૨૯ વર્ષ સુધી કરૂણાનિધી, ૧૪ વર્ષ સુધી જયલલિતા અને દસ વર્ષ સુધી એમજી રામચન્દ્રને શાસન કર્યુ હતુ. પાંચ દશકમાં પ્રથમ વખત કોઇ એવા રાજકીય પંડિત નથી જે કહી શકે કે પ્રજા આ ચહેરા પર દાવ રમનાર છે. તમિળનાડુ દેશના એવા ખુબ ઓછા રાજ્યોમાં સામેલ છે જેમાં રાજકીય પક્ષો ચહેરાની પાછળ ઉભેલા નજરે પડે છે. તમિળનાડુમાં જયા અને કરૂણાનિધીની જગ્યા લેવા માટે કેટલાક લોકો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ પોતાના પર કોઇને વિશ્વાસ નથી. જયા અને કરૂણા જેવી ઓળખ નવા નેતા ઉભી કરવાની સ્થિતીમાં નથી. મોટો પ્રશ્ન એ થાય છે કે ચાર મહિના બાદ યોજાનાર લોકસભાની ચૂંટણીમા મતદારો કયા ચહેરા અથવા તો ક્યા દળ પર પસંદગી ઉતારનાર છે. કેટલાક લોકો વિચાર્યા વગર સ્ટાલિનનુ નામ આપે છે. પ્રશ્ન કરવા પર કહેવામાં આવે છે કે આજની તારીખમાં તમિળનાડુમાં સૌથી લોકપ્રિય નામ સ્ટાલિનનુ છે. તમામ ચહેરામાં સ્ટાલિન જ એવા નેતા તરીકે છે જેમને તમામ લોકો ઓળખે છે. છેલ્લા ચાર દશકમાં કરૂણાનિધીના નેતૃત્વમાં તેઓએ ડીએમકેને મજબુતી આપવા માટેનુ કામ કર્યુ છે. ચાર વખત ધારાસભ્ય તરીકે રહ્યા છે. સ્ટાલિનને હાલમાં પાર્ટીનો પૂર્ણ સાથ પણ મળી રહ્યો છે. બીજ બાજુ મુખ્યપ્રધાન પલાનીસ્વામી અને ઓ. પન્નીરસેલ્વમ પણ લોકપ્રિય લીડરો છે. જો કે તેમને સમગ્ર પ્રદેશમાં ઓળખ ઉભી કરવામાં સમય લાગી શકે છે. જયાના નજીકના સાથી રહી ચુકેલા શશિકલા નટરાજનના ભત્રીજા ટી. દિનાકરણે અન્નાદ્રમુક માટે મોટી સમસ્યા ઉભી કરી દીધી છે. દોઢ ડઝનથી વધારે ધારાસભ્યો તેમની સાથે હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છથે. તમિળનાડની રાજનીતિમાં આ વખતે ચૂંટણી ખુબ નિર્ણાયક રહેનાર છે. તમિળનાડુના મતદારો આ વખતે અસમંજસની સ્થિતીમાં છે. તેમને કોની સાથે રહેવુ જોઇએ તે મોટી દુવિધા છે.

માતૃત્વ પ્રત્યે સવંદેનશીલતા લોકાચારમાં તો હજુ દેખાતી નથી...

માતૃત્વ રજા અને સંવેદનહિનતા



નોકરીના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવાના તમામ પ્રયાસો વચ્ચે ૧૮ લાખ મહિલાઓની નોકરી જવાનો ખતરો તોળાઇ રહ્યો છે

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઇને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઇને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઇ શકે છે. અથવા તો વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૭માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા છે. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારીને ૨૬ સપ્તાહ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઇ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે હવે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઇ ગઇ છે. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌ,ણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઇ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકો પોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઇ ગયા છે. આ તથ્યને નજર અંદાજ કરી શકાય નહીં કે નાના ઉદ્યોગો માટે પોતાના કમર્ચારીઓને છ મહિનાની રજા આપવાની બાબત સરળ નથી. કામ વગર છ મહિના સુધી પગાર આપવાની બાબત નાના ઉદ્યોગો માટે બિલકુલ સરળ નથી. સરકારને આવા નાના ઉદ્યોગોને વધારાના લાભ આપવાની સાથે સાથે પિતૃત્વ રજા આપવા માટેની પણ વિચારણા કરવી જોઇએ. લૈંગિંગ સમાનતાને લઇને આવા પગલા કામકાજી મહિલાઓને રાહત સમાન પુરવાર થઇ શકે છે. માતૃત્વ રજા અને સંવેદનહિનતા સ્પષ્ટ પણે જોઇ શકાય છે. માતૃત્વ અને સંવેદનશીલતા બન્ને સાથે નજરે પડે તો જરૂરી છે. કારણકે માત્ર મહિલાઓના સન્માનની વાત કરવાથી ચાલશે નહી. લોકાચારમાં બાબત જરૂરી છે

રજનિકાંત-કમલ હાસન મેદાને



તમિળનાડુની રાજનીતિમાં હમેંશા ફિલ્મી કલાકારોની પણ બોલબાલા રહી છે. ઇતિહાસ પર નજર કરવામાં આવે તો કેટલાક ફિલ્મ સ્ટાર રાજનીતિમાં સફળ સાબિત થયા છે. જયલલિતા અને કરૂણાનિધી જેવા લોકપ્રિય અને દિગ્ગજ નેતાના અવસાન બાદ ખાલી પડેલી જગ્યાને ભરવા માટે ફિલ્મી કલાકારો પણ દાવ અજમાવી રહ્યા છે. જેમાં સુપરસ્ટાર રજનિકાંત અને કમલ હાસનનો સમાવેશ થાય છે. રજનિકાંતના સમર્થક કહે છે કે આવનાર સમય રજનિકાંતનો રહેશે. તેમની લોકપ્રિયતા કન્યાકુમારીથી લઇને ચેન્નાઇ સુધી રહેલી છે. બીજી બાજુ કમલ હાસન પણ મેદાનમાં છે. આ બંને સુપરસ્ટાર કલાકારો પ્રત્યે મતદારો કેવો પ્રતિસાદ આપે છે તે લોકસભાની ચૂંટણીથી જાણી શકાશે. જો કે એક બાબત તો નક્કી છે કે બંને કલાકારોને સારા મત મળનાર છે. કારણ કે વિતેલા વર્ષોમાં કલાકારો સફળ સાબિત થઇ ચુક્યા છે. રજનિકાંત અને કમલ હાસન ચૂંટણી રણમાં ઉતરી જવાનો નિર્ણય કરી ચુક્યા છે. રસપ્રદ રાજકીય સ્થિતી વચ્ચે તમિળનાડુમાં ભારતીય જનતા પાર્ટીનુ વલણ કેવુ રહે છે તે બાબત પર તમામની નજર કેન્દ્રિ થઇ ગઇ છે. રજનિકાંતની લોકપ્રિયતાનો લાભ લેવાના પ્રયાસ પણ ભારતીય જનતા પાર્ટી કરી શકે છે.તેમની સાથે જોડાણ કરી શકે છે. પીએમકે અને અન્ય નાના પક્ષોની તાકાત વધારે નથી પરંતુ કોઇની સાથે મળીને આ પાર્ટીઓ તેમની નૈયાને પાર લગાવી શકે છે. છેલ્લી લોકસભા ચૂંટણીની વાત કરવામાં આવે તો ભારતીય જનતા પાર્ટી બે સીટ જીતવામાં સફળ રહી હતી.

સીબીઆઈ વિવાદઃ શાસન બદલાય તેના કારણે કશું બદલાતું નથી તેનો પણ આ પુરાવો છે

સીબીઆઈ પર કબજો કરવા માટે ચાલી રહેલી લડાઈમાં શુક્રવારે વધુ એક રોમાંચક ટ્વિસ્ટ આવી ગયો. સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્મા અને મોદી સરકારના માનીતા સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાની વર્ચસ્વની લડાઈમાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અસ્થાનાનો પક્ષ લઈને વર્માને કોરાણે મૂકવા રજા પર ઉતારી દીધેલા. હજુ બે દિવસ પહેલાં જ આ ડ્રામામાં પહેલો જોરદાર ટ્વિસ્ટ આવ્યો ને સુપ્રીમ કોર્ટે વર્માને પાછા સીબીઆઈના કર્તાહર્તા તરીકે બેસાડી દીધેલા.

વર્માએ ગુરુવારે સીબીઆઈના વડા તરીકે ચાર્જ લઈને ધડાધડી શરૂ કરી પણ એ ધડાધડી લાંબી ટકે એ પહેલાં જ બીજો મોટો ટ્વિસ્ટ આવી ગયો. સીબીઆઈના વડા અંગે કોઈ પણ નિર્ણય લેવા માટે એક સિલેક્શન પેનલ હોય છે. વડા પ્રધાન, દેશની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા એ ત્રણ મહાનુભાવો આ પેનલના સભ્ય હોય છે. ચીફ જસ્ટિસ તરીકે અત્યારે જસ્ટિસ રંજન ગોગોઈ છે પણ તેમણે પોતાના પ્રતિનિધિ તરીકે જસ્ટિસ સિક્રીને આ પેનલમાં મૂક્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આ પેનલના ત્રીજા સભ્ય છે. મોદી સરકારે ગુરૂવારે તાબડતોબ આ સિલેક્શન કમિટીની બેઠક બોલાવી ને તેમાં ૨ વિરૂદ્ધ ૧ મતે આલોક વર્માનું પડીકું નખાયું. ખડગે બૂમાબૂમ કરતા રહ્યા ને મોદી સરકારે વર્માને સીબીઆઈના ડિરેક્ટરપદેથી દૂર કરીને સાવ ફાલતુ કહેવાય એવા ફાયર સેફ્ટી, હોમ ગાર્ડ્સ ને સિવિલ ડીફેન્સના ડાયરેક્ટર જનરલ (ડી.જી.) બનાવીને સીબીઆઈમાંથી તેમનાં લૂગડાં કાઢી નાખ્યાં. મોદી સરકારે વર્માને અપમાનિત કરવા ને તેમની હૈસિયત બતાવવા જ આ હોદ્દા પર મૂકેલા એ કહેવાની જરૂર નથી. સામે વર્માએ પણ ફૂંફાડો મારીને રાજીનામું ધરી દીધું ને સાવ છૂટા થઈ ગયા એ સાથે જ ત્રીજો મોટો ટ્વિસ્ટ આવી ગયો.

આલોક વર્માએ કેન્દ્ર સરકારના પર્સોનલ એન્ડ ટ્રેઈનિંગ મંત્રાલયના સેક્રેટરી ચંદ્રમોલી સી.ને રાજીનામાનો લાંબોલચ્ચક કાગળ મોકલ્યો છે ને તેમાં પોતે કેમ રાજીનામું આપે છે તેવી માંડીને વાત કરી છે. આ વાતોમાં મુખ્ય વાત એ છે કે, સીબીઆઈના વડાની પસંદગી કરવા માટેની સિલેક્શન કમિટીએ તેમને રજૂઆત કરવાની તક આપ્યા વિના જ હટાવી દીધા ને જે હોદ્દા માટેની વયમર્યાદા પોતે વટાવી ચૂક્યા છે એ હોદ્દા પર તેમને મૂકી દીધા. સિલેક્શન કમિટીએ વર્માને દૂર કરવા માટે એવું કારણ આપેલું કે, વર્મા તેમના હોદ્દા માટે અનિવાર્ય ઈમાનદારીથી વર્ત્યા નથી તેથી તેમને છૂટા કરવા સિવાય છૂટકો નથી.

વર્માએ તેના જવાબમાં પ્રમાણિકતા ને ઈમાનદારીની દુહાઈઓ પણ આપી છે. વર્માના કહેવા પ્રમાણે પોતે અત્યાર લગી ઘણાં રાજ્યોના પોલીસ વડા તરીકે કામગીરી કરી છે છતાં ક્યારેય તેમાન પર કોઈ દાગ નથી લાગ્યો. સીબીઆઈના વડા તરીકે પણ પોતાની સામે જે આક્ષેપો થયા છે એ એવી વ્યક્તિએ કર્યા છે કે જેની સામે જ સીબીઆઈ ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરી રહી છે. પોતાની સામે થયેલી ફરિયાદ કદી પણ તપાસ કરી રહેલા જસ્ટિસ પટનાઈક સુધી પહોંચી જ નહીં ને છતાં પોતાની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો છે એવી વાતો ચાલી ને છેવટે એ બહાને જ પોતાને રવાના કરી દેવાયા. વર્માએ બીજી પણ ઘણી વાતો કરી છે ને એ બધી વાતો માંડવાનો અર્થ નથી.

વર્મા પોતાને રાજા હરિશ્ચંદ્રનો અવતાર ગણાવે છે ને મોદી સરકાર તેમને ભ્રષ્ટ ગણાવે છે. આ બંનેમાં સાચું કોણ તે ખબર નથી. એ નક્કી કરવાનું કામ પણ આપણું નથી પણ બંનેની લડાઈમાં જે ભવાડો થયો છે એ એક જ વાત સાબિત કરે છે કે, આપણે ત્યાં કહેવાતા મોટા લોકો દેશનું હિત કે બીજી બધી વાતો વિશે ઝાઝું વિચારતા નથી. એ લોકો માત્ર ને માત્ર પોતાના અહમને પોષવા માટે જ નિર્ણય લે છે ને તેમનો અહમ જરાક ઘવાય તેમાં તો એ લોકો છંછેડાઈ જાય છે. વર્માના મામલે જે ભવાડો થઈ રહ્યો છે તેના કારણે દેશની સૌથી મોટી તપાસ સંસ્થા ગણાતી સીબીઆઈની આબરૂનો સરેઆમ ધજાગરો થઈ રહ્યો છે પણ તેની ના તો મોદી સરકારને ચિંતા છે કે ના તો આલોક વર્માને ચિંતા છે. બંને પોતાનો અહમ સંતોષવામાં પડ્યાં છે.

આ અહમની લડાઈ આલોક વર્મા સીબીઆઈના ડિરેક્ટર બન્યા ત્યારે જ શરૂ થઈ ગયેલી. મોદી સરકાર પોતાના માનીતા રાકેશ અસ્થાનેને સીબીઆઈના કર્તાહર્તા બનાવવા માગતી હતી પણ અસ્થાના સામે ભ્રષ્ટાચારના આક્ષેપો હતા ને એ સીનિયોરિટીમાં પણ પાછળ હતા તેથી કમને વર્માને આગળ કરવા પડેલા. અસ્થાના મોદીના માનીતા હતા તેથી એવું માની બેઠેલા કે, વર્મા ભલે સીબીઆઈના ડિરેક્ટર બન્યા પણ અસલી બોસ તો હું જ છું કેમ કે સુપર બોસના આપણા પર ચાર હાથ છે. તેમાં તેમણે બધી વાતમાં દખલ કરવા માંડી ને એમાં જ વર્મા સાથે ઠેરી ગઈ.

વર્મા પણ ઘાટ ઘાટનાં પાણી પીને જ અહીં લગી પહોંચ્યા છે તેથી તેમણે પણ અસ્થાનાનું બોર્ડ પૂરું કરી નાખવા પૂરી તાકાત લગાવી દીધી. અસ્થાનાના નસીબ અવળાં કે એ મોઈન કુરેશી કેસમાં ભેરવાઈ ગયેલા. કુરેશી હૈદરાબાદનો માંસનો મોટો નિકાસકાર છે ને જાકુબીના ધંધા કરી કરીને બહુ જાડો પૈસો બનાવ્યો છે. કુરેશીએ ટોચની એજન્સીઓમાં ઓફિસરોને ફોડી રાખેલા ને તેમને નૈવેધ ધરાવીને પોતાનું કામ ચલાવતો. કુરેશીએ મોટા પાયે કરચોરી કરેલી ને તેના કારણે ઈક્મટેક્સ વિભાગની નજરમાં આવી ગયેલો. સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર એ.પી. સિંહ સાથે તેને સારાસારી હતી એટલે તેને કશું નહોતું થયું પણ સિંહનું છત્ર હટ્યું કે તરત તેની પનોતી શરૂ થઈ. પહેલાં ઈક્મટેક્સ વિભાગે તપાસ શરૂ કરી, પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ પણ મેદાનમાં આવ્યું ને પછી તો લાઈન લાગી ગઈ. સતિષ સાના નામનો બિઝનેસમેન કુરેશીનો દલાલ હતો. એ અધિકારીઓ સાથે સાઠગાઠ કરાવવાનું કામ કરતો. આ સાના સીબીઆઈની ઝપટે ચડી ગયેલો ને સીબીઆઈના અધિકારીઓ તેને દબાવીને ખંખેરવા માંડેલા.

આ કેસ રાકેશ અસ્થાના પાસે હતો ને અસ્થાનાએ તેની ભારે ઊલટતપાસ કરેલી. તેના પંદરેક દાડા પછી અસ્થાનાએ પરેશાન નહીં કરવા ૫ કરોડ રૂપિયામાં તોડ કરેલો એવી ફરિયાદ સાનાએ કરી. સોમેશ પ્રસાદ નામનો માણસ અસ્થાનાના દલાલ તરીકે કામ કરતો ને તેને ૩ કરોડ રૂપિયા આપી દેવાયેલા એવું પણ સાનાએ કહેલું. બાકીના ૨ કરોડ રૂપિયા માટે દબાણ થતું હતું. સાનાએ ફરિયાદ કરી એટલે સીબીઆઈના એન્ટિ કરપ્શન સેલે છટકું ગોઠવ્યું. સાનાના નોંતરે પ્રસાદ બાકી રહેલો પ્રસાદ લેવા આવ્યો ને સીબીઆઈના હાથે ચડી ગયો એવું સીબીઆઈએ એફઆઈઆરમાં કહ્યું છે.

અસ્થાનાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો એટલે તેમને રજા પર ઉતારવા પડ્યા. મોદી સરકારે અસ્થાનાને સાચવવા વર્માને પણ રજા પર ઉતારી દીધેલા. સુપ્રીમે મોદી સરકારનો નિર્ણય રદ કર્યો તેમાં તેમનો અહમ ઘવાયેલો. જો કે મોદી ગમ કાઈ ગયા હોત કેમ કે વર્મા ૩૧ જાન્યુઆરીએ તો નિવૃત્ત થવાના હતા. મોદી સરકારે તેમને મહિના દાડા કરતાં પણ ઓછો સમય સહન કરવાના હતા પણ વર્મા ફોર્મમાં આવી ગયા તેમાં ખેલ બગડ્યો. વર્મા એમ માનીને બેઠા કે, સુપ્રીમ કોર્ટનું છત્ર છે તેથી હવે કોઈ પોતાનું કશું નહીં બગાડી શકે. તેમણે પાછા આવીને પોતાની ગેરહાજરીમાં લેવાયેલા નિર્ણયો ધડાધડ બદલવા માંડ્યા ને બદલીઓ રદ કરી. વર્મા પોતાનો અહમ સંતોષવામાં ના પડ્યા હોત તો કદાચ ના ગયા હોત. વર્મા મહિનો દાડો જંપી ગયા હોત તો વાંધો ના આવત પણ તેમણે આ ખેલ શરૂ કર્યો એટલે મોદીએ પણ અસલી બોસ કોણ છે એ બતાવવા તેમને સીબીઆઈમાંથી જ દૂર કરી દીધા.

વર્માની વિદાય સાથે સીબીઆઈમાં ચાલતી એક ડર્ટી ગેમ પૂરી થઈ છે ને હવે બીજી ડર્ટી ગેમ શરૂ થશે. મોદીની મનસા અસ્થાનાને સીબીઆઈના કર્તાહર્તા બનાવવાની છે પણ અસ્થાના પર ભ્રષ્ટાચારના કેસની તલવાર લટકે છે તેથી એ મનશા પૂરી થવામાં શંકા છે. અત્યારે તો મોદી સરકારે નાગેશ્વર રાવને વચગાળાના ડિરેક્ટર બનાવીને ગાડું ગબડાવવાનું વલણ લીધું છે. જો કે એ રીતે લાંબો સમય ચલાવી નહીં શકાય એ જોતાં ગમે તે રીતે અસ્થાનાને બેસાડવા માટેનો ખેલ કરાશે જ ને વધુ એક ડર્ટી ગેમ રમાશે.

દેશની સૌથી સર્વોચ્ચ સંસ્થાનો વહીવટ આ રીતે ચાલે એ કમનસીબી કહેવાય પણ આ વાસ્તવિકતા છે. શાસન બદલાય તેના કારણે કશું બદલાતું નથી તેનો પણ આ પુરાવો છે. કોંગ્રેસના વખતમાં પણ આ બધું થતું ને અત્યારે પણ એ જ રીતે બધું ચાલે છે.

વ્યાજખોરોની ઉઘરાણીથી કંટાળી રિક્ષાચાલકે ઝેર ગટગટાવ્યું

સુરત

અત્યારે વ્યાજખોરોનો ત્રાસ ધીમે ધીમે વધતો જયા છે. વ્યાજખોરોના ત્રાસના કારણે અનેક લોકો પોતાનો આત્મહત્યાના માર્ગે જાય છે. સુરતના નાનપુરાના રિક્ષા ચાલકે શુક્રવારે ઝેર પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી ત્રાસી જઈ તેણે આ પગલું ભર્યું હોવાની સ્યૂસાઈટ નોટ લખી તેણે ઝેર પીધું હતું.

મળતી માહિતી પ્રમાણે નાનપુરા સ્થિત મર્ચન્ટકોલોનીમાં રહેતો રજનીકાંત રતિલાલ ટોપલીવાળા રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રજનીકાંતને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. દરમિયાન શુક્રવારે રજનીકાંતે ઘરમાં ઝેર પી લીધું હતું. જેની જાણ પરિવારના સભ્યોને થતાં રજનીકાંતને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. રજનીકાંતને આઈસીયુમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી છે. રજનીકાંતે ઝેર પીતા અગાઉ બે પાનાની સ્યુસાઈટ નોટ લખી હતી. જેમાં તેણે હિમેન કહારાના કારણે પગલું ભરું છું એમ લખ્યું છે.

વધુમાં તેણે હિમેન પાસેથી ૭૦ હજાર ૫ ટકાથી લીધેલા જે બે મહિના પછી ૧૦ ટકા કરી નાખ્યાં હતા. ૧૫થી ૧૭ મહિના વ્યાજ ભર્યા બાદ તેને રૂ. ૨ લાખની માંગ કરી હતી. અઠવા પોલીસે જણાવ્યું હતું કે, રજનીકાંતને ભાન નહીં હોવાથી તેનો જવાબ લઇ શકાયો નથી. પરંતુ તેના પરિવારે વ્યાજખોરના ત્રાસથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનો આક્ષેપ કર્યો છે. તેની પાસેથી મળી આવેલી સ્યુસાઈટ નોટના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

બીટકોઈન કૌભાંડનાં આરોપી રાજુ દેસાઈને જેલવાસ

સુરત

બીટકોઈન હડપવાના કેસમાં સુરત સીઆઈડી ક્રાઈમે આરોપી રાજેશ દેસાઈની સાત દિવસ પહેલા ધરપકડ કરી હતી. મુખ્ય આરોપી બિલ્ડર્સ શૈલેષ ભટ્ટના માર્ગદર્શન હેઠળ બિટકોઈન બ્રોકરપિયુષ સાવલિયા તથા ધવલ માવાણીનું અપહરણ કરી બળજબરીથી ૧૫૫ કરોડના કિંમતના આરોપીઓએ કરાવી લીધા હતા.

આ કેસમાં ઘણા સમયથી પોલીસની પહોંચથી દૂર રહેલા આરોપી રાજુ દેસાઈ ધરપકડ કરી સીઆઈડી ક્રાઈમે પહેલા પાંચ દિવસ રિમાન્ડ મેળવ્યા હતા ત્યારબાદ આરોપીના બે દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂરી આપી હતી.

શનિવારે સીઆઈડી ક્રાઈમે આરોપી રાજુ દેસાઈના વધુ રિમાન્ડની માંગ કર્યા વગર ઈન્ચાર્જ કોર્ટમાં કોર્ટ કસ્ટડીનો રિપોર્ટ સાથે રજૂ કર્યો હતો. જેથી કોર્ટે આરોપી રાજુ દેસાઈ લાજપોર સેન્ટ્રલ જેલમાં મોકલવા હુકમ કર્યો હતો.

ભાનુશાળીના પરિવારને જીવનું જોખમ, મુંબઈથી ધમકીભર્યો કોલ આવ્યો

અમદાવાદ

કચ્છ ભાજપના નેતા જયંતી ભાનુશાળીની હત્યા બાદ હવે પરિવારજનોને જાનનુ જોખમ હોવાનું બહાર આવ્યું છે. અજાણી વ્યક્તિ દ્વારા ફોન પર મારી નાખવાની ધમકીઓ મુંબઈથી મળતી હોવાને લઈ તેઓ શનિવારે બપોરે પોલીસ પ્રોટેક્શન માટે રેલવે એસપી ઓફિસ ખાતે પોહચ્યા હતા. પરિવારજનોએ અરજી કરી પોલીસ સુરક્ષા માંગી છે.

અબડાસાના ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની ચાલુ ટ્રેને કરાયેલી હત્યાના ગુનામાં સીઆઈડીક્રાઈમે સૂરજિત ભાઉ તથા શેખર નામના વ્યક્તિને ઝડપી લીધા છે. સાથે જ મોડી રાત્રે મૂળ વાપીની મનીષા ગોસ્વામીની પણ કચ્છમાંથી અટકાયત થઈ છે. ભાનુશાળીની હત્યા નીપજાવનારા શૂટરોને પૂનાથી બોલાવ્યા હોવાની વાત સામે આવતા સમગ્ર રહસ્ય પરથી પડદો ઊંચકાવાની શક્યતાઓ થવાની અટકળો વહેતી થઈ છે.

નાચ ન જાને આંગન ટેઢા....જય હો કોંગ્રેસ મૈયા કી...!!

૪૦૦ બેઠકો વાળી કોંગ્રેસ જ્યારે ૨૦૧૪માં ૪૪ સીટોમા સમેટાઇ ગઈ ત્યારે કેટલાયને લાગ્યુ કે ભાઈ-કોંગ્રેસ તો ગઇ સમજો. કોંગ્રેસ હવે આગળ ના વધી શકે. પરંતુ ૨૦૧૯ આવતા આવતા ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને અને નેહરુને એટલી બધી વાર યાદ કર્યા કે હવે ભાજપના જ અધ્યક્ષ અમિત શાહ ખુદ કહી રહ્યા છે કે જુઓ અમે તો રામ મંદિર બનાવવાનું ઇચ્છીએ છીએ પરંતુ કોંગ્રેસ રોકી રાખે છે..!! મતદાતાઓના માથા આવુ સાંભળી ચકરાઈ ગયા કે તેઓ શું સાંભળી રહ્યા છે. વિએચપી અને સંઘ પરિવાર કહે છે કે અદાલત તારીખ જજ સાહે રામ મંદિર બનવા દેતા નથી અને તારીખ પર પોતાના તારીખ આપીને મામલાને લાંબો કરી રહ્યા છે. હવે ભાજપના વડાએ પોતાના લોકોની વચ્ચે દુખડા સંભળાવ્યા. લોકો આજુબાજુ જોઈ રહ્યા છે. કે આખરે સરકારને મંદિર બનાવવામાં મુશ્કેલી શું છે? કાંઇક એવું તો નથી કે નાચ ન જાને આંગન ટેઢા...! ક્યારેક કહે છે કે અમે અદાલતથી આનો નિકાલ થાય તેવું ઇચ્છીએ છીએ. ક્યારેક કહે છે કે આ અદાલતનો વિષય જ નથી, ક્યારેક કહે છે કે કોંગ્રેસ અમને રોકી રહી છે. તો સવાલ એ છે કે સરકાર કોની છે...!!!

અયોધ્યા રામ જન્મભૂમિ વિવાદને જોઈએ તો આ મદિરના તાળા ખોલી નાંખ્યા રાજીવ ગાંધીના સમયમાં બાબરીનો ઢાંચો તૂટ્યો નરસિંહ રાવની સરકારમાં. તો શુ મંદિર પણ રાહુલના સમયમાં બને એવુ ભાજપ ઇચ્છે છે કે શું? ભાજપ વિરોધ પક્ષમાં હોય તો મંદિર બનાવવાની વાતો જોર શોરથી ભાજપ સત્તામાં આવ્યો તો કોંગ્રેસ અમને મંદિર નથી બનાવવા દેતી. ખેર મામલો એ છે કે ભાજપા પોતે જ કોંગ્રેસને લોકપ્રિય બનાવવાનું કામ કરે તો ફાયદો તો કોંગ્રેસને જ મળશે. ભાજપ લોકોને બતાવે કે કોંગ્રેસ કેવી રીતે આડે આવી રહી છે. શું કોંગ્રેસ જજોને મનાઈ કરી રહી છે..? શું કોંગ્રેસ અદાલતમાં સુનાવણી દરમ્યાન અદાલતમાં ધાંધલ ધમાલ મચાવે છે...? અસલમાં તો ખરેખર લોકોને જોવા મળી રહ્યું છે અને લાગી રહ્યું છે તે એ છે કે રામ મંદિરના મુદ્દાને લટકાવી રાખવા માંગે છે. કોર્ટથી નિકાલ ન આવે તો વટહુકમ કાયદાનો સહારો લેવામાં આવશે. અને ત્યાં સુધી આ મુદ્દા પર આ રીતે રાજકીય દાવ-પેચ ખેલાતા રહેશે.

જો ભાજપ પોતે જ કોંગ્રેસને પોતાનાથી વધારે મજબૂત બતાવે કે ગયણાવે તો ૪૪ સીટો ધરાવતો પક્ષ માટે તો સારા દિવસો આવ્યા સમજો. ભાજપાએ આ રીતે કોંગ્રેસને વધુને વધુ વાર યાદ કરીને પોતાના ત્રણ રાજ્યો પંજાની જોળીમાં નાંખી દીધા અને આ જ સિલસિલો ચાલતો રહેશે તો રાહુલને માટો રામ વિલાસ પાસવાનના લહેકામાં કહીએ તો પેલું શું કહે છે કે અબ દિલ્હી દૂર નહી હવે દિલ્હી દૂર નથી. સામાન્ય લોકો પણ વિચારવા લાગે છે કે પૂર્ણ બહુમતીવાળી સરકાર ભાજપની છે તો કોંગ્રેસને કેવી રીતે મંદિર નિર્માણમાં આડે આવી ગઇ...? ભાજપમાં પણ આ રીતનું વિચારવાળા હશે. અને સામાન્ય માનવીની જેમ વિચારતા હશે. પરંતુ જાહેરમાં પોતાનો મત બતાવશે નહિ. તેઓ ભલે ના બોલે પણ લોકો તો બોલી જ રહ્યા છે કે મંદિરને માટે પૂર્ણ બહુમતીવાળી સરકાર જલ્દીમાં જલ્દી મંદિર ત્યાં જ બનાવે. કોંગ્રેસ પણ સમર્થન આપશે. કેમ કે રાહુલ ગાંધી પણ હવે મંદિર મંદિરોમાં જઈ રહ્યા છે તો તેઓ પણ શ્રીરામ મંદિરને માટે ભલામણરત કેવી રીતે ના પાડે...? ભાજપ મંદિર બનાવે રાહુલ રામ લલ્લાના દર્શનના અભિલાસી છે.

બોલો...હવે વેડિંગ કાર્ડમાં પણ રાફેલ..!!

સુરત

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વેડિંગ કાર્ડની ખાસિયત છે કે તેમાં રાફેલ અંગે જાણકારી આપવામાં આવી છે. પીએમ મોદીના પ્રશંસકની લગ્ન કંકોત્રી જોઈ લોકો પણ આશ્ચર્યમાં છે. સુરતના યુવરાજે પોતાની લગ્ન કંકોત્રીમાં રાફેલ અંગે વિસ્તૃત જાણકારી આપી છે.

જેથી રાહુલ દ્વારા રાફેલ અંગે જે પણ ગેરસમજ લોકોને પહોંચાડવામાં આવી રહી છે. તેની ઉપર લોકો ભરોસો ન કરે આ લગ્ન કંકોત્રીની ખાસિયત એ છે કે તેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે અમારા લગ્નમાં અમને કોઈ ઉપહાર આપવામાં ના આવે, જો ભેટ આપવી હોય તો ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં તમારો મત પીએમ મોદીને આપી વિજયી બનાવજો.

પીળા રંગની આ કંકોત્રીમાં લાલ અક્ષરોથી જ્યાં યુવરાજ અને સાક્ષીના ૨૧ અને ૨૨ જાન્યુઆરીના રોજ થનાર લગ્ન અંગે જાણકારી આપવામાં આવી છે ત્યારે બહુચર્ચિત રાફેલ ડીલ અંગેની પણ માહિતી લગ્ન કંકોત્રીમાં સાફ જોવા મળે છે. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે કોઈ પોતાની લગ્નની કંકોત્રીમાં ડિફેન્સ ડીલ રાફેલ અંગે માહિતી શા માટે આપે તો તમને જણાવી દઈએ કે યુવરાજ પીએમ નરેન્દ્ર મોદીના ખૂબ મોટા પ્રશંસક છે અને છેલ્લા કેટલાક સમયથી રાહુલ દ્વારા પીએમ નરેન્દ્ર મોદીને રાફેલ મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ ઉત્તરાયણે 'દશેરાના દિવસે જ ઘોડું નહીં દોડે' તેવો ઘાટ સર્જાશે

અમદાવાદ

છેલ્લા કેટલાય દિવસોથી અમદાવાદીઓને બેઠી ઠંડી કરતાં તેજ ગતિ ધરાવતા શીતાગાર પગન ધ્રુજાવી રહ્યા છે. આવા માહોલને કારણે પતંગરસિયાઓમાં આ ઉત્તરાયણમાં પતંગ ચગાવવા માટે અનુકૂળ એવો પવન ફુંકાશે તેવી આશા જાગી છે, પરંતુ આ ઉત્તરાયણમાં પણ ગત વર્ષની ઉત્તરાયણની જેમ 'દશેરાના દિવસે જ ઘોડું નહીં દોડે' તેવો ઘાટ સર્જાઈને પવનની ગતિ ધીમી પડશે અને પતંગરસિયાઓને પોતાની પતંગ ઊંચે આકાશમાં ચઢાવવા માટે ઠૂમકા મારવા પડશે.

સામાન્ય રીતે પવનનું જોર ન હોય તો પતંગરસિયાઓના ઉત્સાહ પર ઠંડું પાણી રેડાઈ જાય છે. ધાબા પર ડીજે પાર્ટી ગોઠવીને આનંદમાં આવી જનારા શોખીનો ઉત્તરાયણે સડસડાટ પવન ન ફૂંકાય તો નિરાશામાં ગરકાવ થઈ જાય છે. જોકે ઉત્તરાયણના દિવસે પણ કુદરત રમત રમી જાય છે. ઉત્તરાયણ અગાઉના દિવસોમાં સવારથી સાંજ પ્રતિકલાક ૧૨ થી ૧૩ કિ.મી. ઝડપે પવન અચાનક ઉત્તરાયણે ગાયબ થઈ જાય છે.

તેજ ગતિવાળા પવનના અભાવે પતંગ ચગાવવા ઠૂમકા લગાવી લગાવીને પતંગરસિયાના બાવડા દુ:ખી જાય છે. આકાશમાં પણ પૂરતી સંખ્યામાં પતંગ ઊડતા ન હોઈ આપસમાં પેચ લડાવવાની રંગત પણ જામતી નથી. એકમેકનો પતંગ કાપીને જોશભેર 'એ કાઈપો છે'ની બૂમો પણ જાણે કે મંદ પડી જાય છે.

આગામી સોમવારે આવનારી ઉત્તરાયણમાં પણ શોખીનો માટે નિરાશાજનક વાતાવરણ રહેવાનું છે.સ્થાનિક હવામાન વિભાગની કચેરી દ્વારા ઉત્તરાયણે ઉત્તરથી ઉત્તર-પૂર્વ દિશા ધરાવતા અને પ્રતિકલાક માંડ ૮ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે તેવી આગાહી કરાઈ છે. આ આગાહી સાચી પડશે તો પતંગરસિયાઓને ખરેખર નિરાશ થવું પડશે.

વી.વી.એસ લક્ષ્મણ બન્યા અમદાવાદના મહેમાન, ડિજિટેલાઈઝેશનને વખાણ્યું

અમદાવાદ

સ્માર્ટ સ્કૂલની મૂવમેન્ટને સપોર્ટ કરવા માટે શનિવારે કોબા ખાતેની પ્રાથમિક શાળામાં ખ્યાતનામ ક્રિકેટર વીવીએસ લક્ષ્મણે મુલાકાત લીધી હતી. લક્ષ્મણે સરકારના ડિજિટેલાઈઝેશનને આગળ વધારવાના પ્રયાસની પ્રસંશા કરી હતી. ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે સ્માર્ટ કલાસ રૂમની મુલાકાત લીધી હતી.

તેમણે ગાંધીનગરના કોબા ખાતે નવા કોબા પગાર કેન્દ્ર શાળામાં મુલાકાત લીધી. દોઢ વર્ષ પહેલાં મુખ્ય મંત્રીના હસ્તે સ્માર્ટ કલાસ રૂમની શરૂઆત કરાઈ હતી. આ સ્માર્ટ કલાસ રૂમમાં ૧૫ ક્રોમ પેડ સાથે ૧૦૦ વિદ્યાર્થી ડિજિટલ અભ્યાસ કરે છે.

અત્યાર સુધી ૪૦ ટકા ગ્રામીણ વિસ્તારને ડિજિટલી કનેક્ટ કરાયા છે. હજુ ૬૦ ટકા વિસ્તારને કનેક્ટ કરવાની કામગીરી ચાલુ છે. ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે સ્માર્ટ કલાસ રૂમના પ્રયાસને વખાણ્યો હતો.

૧૭થી ૨૨ જાન્યુ. આરટીઓમાં વાહન નોંધણી-પાસીંગ વિભાગ બંધ રહેશે

ગાંધીનગર

આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ દરમિયાન ગાંધીનગરમાં સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન સુચારૂ રીતે જળવાય તે હેતુસર સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, ગાંધીનગર મુકામે વાહન નોંધણી, વાહન પાસીંગ (ફીટનેસ)ને લગતું તમામ કામકાજ બંધ રાખવામાં આવ્યું છે.

આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ની ઉજવણી ૧૭ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર તથા હેલીપેડ ગ્રાઉન્ડ, સેક્ટર-૧૭ ખાતે યોજાનાર છે. જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે, જેઓ એસ.પી.જી. સુરક્ષા કેટેગરી ધરાવે છે. મહાત્મા મંદિર મુકામે ગોલ્ડ સ્ટાર કેટેગરી ધરાવતા વીવીઆઈપી 'ગ' માર્ગ પરથી મહાત્મા મંદિર ખાતે આવશે. જેથી આરટીઓ કચેરીના કેટલાક વિભાગોનું કામ બંધ રાખવામાં આવ્યું છે. વધુમાં આ દિવસો દરમિયાન અન્ય કામગીરી અર્થે આવતા નાગરિકો/અરજદારોએ તેમના વાહનો 'ગ'-૦ સર્કલથી ગ'-૧ સર્કલ સુધીના તમામ વિસ્તારમાં જાહેર માર્ગ પર પાર્ક નહીં કરી શકે. પરંતુ કચેરી પ્રિમાઈસીસમાં નિયત જગ્યાએ પાર્ક કરવાના રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવા યાદીમાં વધુમાં જણાવાયું છે.

વિરમગામ શહેરમા વિવિધ સંગઠનો દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૫૬મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ

એબીવીપી દ્વારા વ્યાયામશાળા ખાતે સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગોની પ્રદર્શનીનુ આયોજન કરવામાં આવ્યું વિરમગામ શહેરના ગોલવાડી દરવાજા પાસે આવેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાનુ પૂજન કરાયું



આધુનીક ભારતના સ્વપ્નદ્રષ્ટા સ્વામી વિવેકાનંદની ૧૫૬ મી જન્મ જયંતી નીમિતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ વિરમગામ શાખા દ્વારા શહેરમાં ગોલવાડી દરવાજા પાસે વિવેકાનંદજી ની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પી હતી. એબીવીપી દ્વારા વ્યાયામશાળા ખાતે સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગોની પ્રદર્શનીનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિરમગામ શહેરમાં વિવિધ શાળા-કોલેજ ના વિદ્યાર્થીઓ તેમજ ભારતીય જનતા પાર્ટી સહિતા રાજકીય પક્ષો દ્વારા ઉપરાંત વિરમગામ જાગૃત યુવાનો, નગરના અગ્રણીઓ, શાળા સંચાલકો એ સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી નિમિત્તે ફુલહાર કરી પુજન કર્યું હતું. વિરમગામના અનેક શાળા કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદના અમદાવાદ જીલ્લાના અધ્યક્ષ તેજશભાઈ વજાણીએ જણાવ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનો જન્મ સન ૧૮૬૩માં કલકત્તા ખાતે ભદ્ર કાયસ્થ પરીવારમાં થયો હતો.તેમના માતાપિતાએ સ્વામીની વિચારસરણી પર અસર પાડી – પિતાએ તેમના બૌધ્ધિક દિમાગથી તથા માતાએ તેમના ધાર્મિક સ્વભાવથી. બાળપણથી જ તેમનામાં આધ્યામિકતા તથા ઈશ્વર સાક્ષાત્કાર માટે લગાવ દેખાતો હતો.ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે તેવા વ્યક્તિની શોધમાં તેઓ રામકૃષ્ણને મળ્યા અને તેમના શિષ્ય બની ગયા.રામકૃષ્ણએ તેમને એક ગુરૂ તરીકે અદ્વૈત વેદાંત અને બધા જ ધર્મો સાચા છે તથા માનવ સેવા એજ સાચી પ્રભુપ્રાર્થના છે તેવુ શીખવ્યું હતું.ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો.તેઓ પાછળથી શિકાગો ગયા અને સન ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.પ્રખર વક્તા વિવેકાનંદને યુનાઇટેડ સ્ટેટ્સના અમુક મંચોએ યુનિવર્સિટીઓ અને ક્લબોમાં વક્તવ્ય આપવા તેમને નિમંત્રણ આપ્યું હતું. તેમણે કેટલાક જાહેર અને ખાનગી ભાષણોમાં કર્યા, અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુધર્મનો પ્રચાર કર્યો હતો. તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટીઓની પણ સ્થાપના કરી હતી. પછીથી તેઓ ભારત પરત આવ્યા હતા તથા સન ૧૮૯૭માં તેમણે રામકૃષ્ણ મઠ તથા મિશન – એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર-નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે.

જયંતિ ભાનુશાળી હત્યા કેસઃ આરોપી મનીષાનાં પતિની તબિયત લથડી

અમદાવાદ

જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં ક્રાઇમ બ્રાંચને સફળતા મળી છે. ક્રાઇમ બ્રાંચે શેખર મારૂ, સુરજીત ભાઉ અને મનીષા ગોસ્વામીની અટકાયત કરી છે. શુક્રવારે આ હત્યાનાં કાવતરામાં સંડોવાયેલી મનીષા ગોસ્વામીને કચ્છમાંથી પકડવામાં આવી હતી. બીજી તરફ મનીષાનાં પતિ ગજુ ગોસ્વામીની તબિયત લથડી છે. ગજુ ગોસ્વામીની તબિયત લથડતા તેને હૉસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે.

ગજુ ગોસ્વામીને મનીષા વિશે પુછવામાં આવતા તેણે કહ્યું હતુ કે, "જયંતિ ભાનુશાળીની હત્યા ઘણી જ દુ:ખદ છે. અમને પણ તેનાથી ઘણું જ દુ:ખ છે. પાંચ દિવસ પહેલા જ મનીષા કચ્છમાં અમારું કામ ચાલે છે ત્યાં ગઈ હતી. આ કેસમાં તેની સામે ફરિયાદ થવાથી અમે બધા ગભરાયેલા છીએ. હું આ સાંભળીને ડિપ્રેશનમાં આવી ગયો છું. હું હાર્ટ પેશન્ટ છું. મારા બાળકો ગભરાયેલા છે અને મારી પત્નીએ તેનું નામ આવતા ગભરાઈને ફોન બંધ કરી દીધો છે. તેની સાથે અમારે કો સંપર્ક નથી થઈ રહ્યો."

સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે હત્યા પછી પણ મનીષા અને શાર્પશૂટરનાં સંપર્કમાં હતા. ટેકનિકલ સર્વેલન્સમાં તેમના લોકેશન મળી આવ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ ૩ જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ મનીષા ગોસ્વામી, જયંતિ ભાનુશાળી, સુરજીત ભાઉ અને અન્ય ૨ વ્યક્તિઓ મુંબઈથી ફ્લાઇટમાં ભૂજ આવ્યા હતા. ફ્લાઇટની મુસાફરોની યાદીમાં પણ પોલીસને ૩ જાન્યુઆરીએ મુસાફરી કરેલા વ્યક્તિઓની યાદીમાં મનીષા, જયંતિ ભાનુશાળી અને સુરજીત ભાઉનાં નામ મળી આવ્યા હતા.

મોદી ખરીદી કરીને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરે તેવી વકી

અમદાવાદ

ગુજરાત અને દેશભરમાં સૌપ્રથમ વાર અમદાવાદમાં વાઈબ્રન્ટ શોપિંગ ફેસ્ટિવલ ૧૭ જાન્યુઆરીએ યોજાઈ રહ્યો છે. ઓર્ગેનાઈઝિંગ ફેડરેશન દ્વારા ગુજરાત સરકાર ઇન્ડેક્સ્ટ-બી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આયોજિત આ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થશે. ૧૭મીએ સાંજે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં વડા પ્રધાન કોઈ વસ્તુની ખરીદી કરીને ઉદ્ઘાટન કરે તેવી શક્યતા છે.

ઉપરાંત વડા પ્રધાન જ્યારે તા.૧૭ જાન્યુઆરીએ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવા આવે ત્યારે પાંચ કિલોમીટરથી વધુ લાંબો ગુજરાતની અસ્મિતા રજૂ કરતો ગરબો રજૂ કરવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. જો તેમ થશે તો તેને લઈને પણ વર્લ્ડ રેકોર્ડ બનશે. આ સિવાય પણ અન્ય રેકોર્ડ બનવાની સંભાવના છે.

આ પહેલાં તેઓ બપોરે ગ્લોબલ ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ સાંજે ચાર કલાકે શહેરમાં નવી બનેલી સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે અને ત્યારબાદ તેઓ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ટોકન પરચેઝ સાથે ઉદ્ઘાટન કરશે.











ઉમરામાં રાહદારી એક મહિલાનું મંગળસૂત્ર તૂટ્યું

સુરત

ઉમરા ગેલ કોલોની રોડ પાસેથી પસાર થતી એક મહિલાના ગળામાં પહેરેલુ સોનાનું ૧૮ ગ્રામના વજનવાળુ મંગળસૂત્રની લૂંટ કરી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા લૂંટારૂઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉમરા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર ઉમરા વિસ્તારમાં રહેતી એક મહિલા ગતરોજ સાંજના સુમારે ગેટ કોલોની પાસેથી પસાર થતી હતી. ત્યારે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના બે અજાણ્યા યુવાનો મોટર સાયકલ પર આવી તેમના ગળામાંથી ૧૮ ગ્રામનું સોનાનું મંગળસૂત્ર કિંમત રૂા.૬૦ હજારની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

આગામી તા.૧૭'મીએ સુરતમાં આહીર સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજાશે

આહિર સમાજ સેવા સમિતિ સુરત દ્વારા ૨૬માં સમૂહ લગ્ન સમારોહનું આયોજન પરવત ગોડાદરા સુરત ખાતે થઈ રહ્યું છે. આ સમૂહ લગ્નમાં ૨૯૪ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ સમૂહ લગ્નમાં આશીર્વાદ આપવા પરમ પૂજ્ય મોરારી બાપુ, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાષ્ટ્રીય મહામંત્રી ભૂપેન્દ્ર યાદવ, વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, મંત્રી વાસણભાઈ આહિર, સાંસદ પુનમબેન માડમ, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, જવાહરભાઈ ચાવડા, ભગવાનભાઈ બારડ, અમરીશભાઈ ડેર તેમજ ગુજરાત આહિર સમાજ શ્રેષ્ઠીઓ સાથે આહિર સમાજ સુરતના નટુભાઈ ભાટુ, પુનમભાઈ ઝીંઝાળા, વરજાંગભાઈ જીલરીયા, રઘુભાઈ હુંબલ, હરિભાઈ નકુમ, મનુભાઈ મકવાણા, વેલજીભાઈ નકુમ, મોહનભાઈ પરડવા, ભીમજીભાઈ કવાડ, મેરામણભાઈ ઘીવાળા, ડાયાભાઈ સેલવાસ, મનુભાઈ વાપી, દેવાતભાઈ બલદાણીયા તેમજ બાબુભાઈ રામ, મગનભાઈ ઝીંઝાળા સહિતના આગેવાનો આ શુભ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નના માધ્યમ દ્વારા સમાજમાં રહેલી કુરિવાજો નાબુદ કરી સમાજને નવી દિશા આપવા જઈ રહ્યા છીએ. કરિયાવર પાથરવાની પ્રથા બંધ કરવી, ઘરે ૧૫૦ માણસોથી વધારે જમણવાર ન કરવું તેમજ ઘરે કંકોત્રી છપાવવી નહીં આવા ખોટા ખર્ચ બંધ કરી સમૂહ લગ્નમાં જોડાયેલ પરિવાર પોતાના સંતાનોના શિક્ષણ પાછળ ખર્ચ કરવા સમાજ દ્વારા જાગૃતિ લાવવાનો ભગીરથ પ્રયાસ કરવામાં અ

રાધાકૃષ્ણ માર્કેટ બંધ રહેતા પોલીસ તંત્રને હાશકારો

સલાબતપુરા પોલીસે ચોરીની તપાસ આગળ વધારી

સુરત

આરકેટી માર્કેટમાં સિક્યુરિટી દ્વારા ચોરી થતી હોવાનો કૌભાંડ સીસીટીવી ફુટેજ દ્વારા ઉજાગર થતા આજે સતત ચોથા દિવસે પણ માર્કેટમાં હડતાળ યથાવત રહી છે. આજે માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેતાં પોલીસે રાહત અનુભવી છે અને તપાસ આગળ વધારી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આરકેટી માર્કેટમાં સિક્યુરિટી એજન્સીના સ્ટાફ દ્વારા રવિવારે રજાના દિવસે સાંજના સમયે ડુપ્લીકેટ ચાવીથી દુકાનનું તાળુ ખોલી ચોરી કરવામાં આવતી હતી. છેલ્લા ત્રણ દિવસથી માર્કેટના ૪ હજાર દુકાનદારો અને કર્મચારીઓનું ટોળુ માર્કેટ પરિસરમાં જમા થઈ જતાં ટોળાને સાચવવામાં જ પોલીસ વ્યસ્ત રહેતી હતી. ગતરોજ આરકેટી માર્કેટ ચોરી પ્રકરણમાં પોલીસ અને ફોસ્ટા સાથે વાતચીત કરવા માટે ૩૫ સભ્યોની ટીમ નિયુક્ત થવાની સાથે આજે માર્કેટ સંપૂર્ણ પણે બંધ રાખવામાં આવી છે. આવતીકાલે રવિવારની રજા અને સોમવારે ઉત્તરાયણની રજા હોવાથી હવે મંગળવારે જ આરકેટી માર્કેટ ખુલે તેવી શક્યતા છે. સલાબતપુરા પોલીસે આરકેટી માર્કેટમાંથી ચોરી થયેલ પાર્સલ અને માલ સામાનના મુદ્દે ત્રણ ફરિયાદો નોંધી હતી. જે પૈકી ૧.૬૬ કરોડનો મુદ્દામાલ જમ કરવામાં આવયો છે. સલાબતપુરા પોલીસે ધરપકડ કરેલ બે સિક્યુરિટી ગાર્ડની વધુ પૂછપરછ કરી તપાસને આગળ વધારવામાં આવી રહી છે.

સાયણરોડ શિવાજી નગર પાસે ચપ્પુના ઘા મારી મજૂરની હત્યા

આધેડ સુનિલ મોરેને પેટમાં ચપ્પુના ઘા ઝીંકી દેવાયા

સુરત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણ ગામમાં મજૂરની હત્યા થઈ હતી. આ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી છે.

ઓલપાડ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સાયણ આદર્શનગર-૩, ખાતે રહેતા મહારાષ્ટ્રના વતની અને છૂટક મજૂરીનું કામ કરતા સુનીલભાઈ પીતાંબર મોરે (ઉ.વ. ૪૩)ને કોઈ અજાણ્યા વ્યકિતએ પતરાના ચપ્પુથી પેટના ભાગે ઘા મારી હત્યા કરી હતી. આ બનાવ સાયણ સુગર રોડ શિવાજી નગર પાછળ બન્યો હતો. આ બનાવ સંદર્ભે મિલિન્દ પિતાંબર મોરેએ ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ઓલપાડ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં કાતિલ ઠંડી : ૭ ડિગ્રી સાથે નવસારી રાજ્યભરમાં સૌથી ઠંડુ

વલસાડમાં ૧૦ ડિગ્રી અને સુરતમાં ૧૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશાથી ફૂંકાતી શિતલહેરના લીધે ફરી એક વખત ઠંડીનો ચમકારો વધ્યો છે આજે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં ૭ ડિગ્રી નોંધાઈ છે. ઉત્તર ભારતમાં થઈ રહેલ હિમવર્ષાના પગલે આગામી સપ્તાહ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહે તેવી શક્યતા છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. પવનના લીધે આજે ઠંડીનો ચમકારો વધ્યો હતા. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફરી એક વખત આજે તાપમાનનો પારો ગગડીને ૭.૭ ડિગ્રી નોંધાયો છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં નોંધાઈ છે. દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૦૬ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજની સરખામણીએ યથાવત રહ્યું છે. ઉત્તર દિશાથી શિતલહેરના લીધે ફરી એક વખત દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું છે.

સગરામપુરા માળી ફળીયા અને નવાપુરા કરવા રોડ પર ગેરકાયદે બાંધકામો તોડાયા

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૨ સગરામપુરા નોંધ નં.૧૯૬૦/૩/અ/૧૪(૧+૩), માલી ફળીયા, સગરામપુરા વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૧-૧-૨૦૧૯ ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પ્રથમથી પાંચમાં માળે માર્જીન + ઓટીએસમાં કવર્ડ કરેલ ગેરકાયદેસર બાંધકામ આશરે ૨૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૫૦૦ ચો.ફુટ ચણતર દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૫૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે. તેમજ સલાબતપુરા નોંધ નં.૭૯૧, ૧૯૨, ૧૯૩/બ, નવાપુરા કરવા રોડ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૧-૧-૨૦૧૯નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે કરેલ ગેરકાયદેસર બાંધકામ આશરે ૮૩૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૯૦ હજાર વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે.

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને,
ESSAR 24 CARAT STEEL
પ્રતિષ્ઠિત વ્યાપારી BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ,
એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇજ શીટ,
પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર,
બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી
પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે
વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં
દુખાવા માટે અસરકારક


022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
કોઈમ્બતુરની
પ્રખ્યાત ડોમેસ્ટીક,
એગ્રિકલ્ચર અને
ઈન્ડસ્ટ્રીયલ
પમ્પસની
વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ,
બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા
પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય
વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

meriko
ફ્લેટ - બંગલા - ઓફિસના
ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F.
સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .


GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે આજ રોજ સવારે ૮.૩૦ કલાકે મક્કાઈપુલ સુરત ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરી વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. ૧૨ જાન્યુઆરીની પ્રભાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સ્વામી વિવેકાનંદએ આપેલા સૂત્રોને રજૂ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા.

આહવા ખાતે અટલ ટિંકરીંગ લેબના ઉદ્ઘાટન પહેલા જ લેબના વિદ્યાર્થીઓએ મારી બાજી

ચેન્નાઇ ખાતે આયોજિત ક્લિન ઇન્ડિયા-ગ્રીન ઈન્ડિયા કોમ્પિટિશનમાં આહવાના વિદ્યાર્થીઓએ હાંસલ કર્યું ભારતભરમાં ચોથુ સ્થાન : ગુજરાતમાં રહ્યા પ્રથમ



આહવા: કહેવત છે ને કે પુત્રના લક્ષણ પારણાંમા. જેને સાર્થક કરતો એક કિસ્સો તાજેતરમાં ડાંગ જિલ્લામાં બન્યો. જેણે સમગ્ર ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

ભવિષ્યમાં દેશને નવા વૈજ્ઞાનિકો મળી રહે, આજના વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસરુચિ કેળવતા થાય, અને તેની અવનવી શોધ દ્વારા માનવજીવનને વધુ સરળ અને સુવિધાયુક્ત બનાવી શકાય તેવા બહુવિધ ઉદેશ સાથે દેશભરની પસંદગીની શાળાઓની જેમ, ડાંગ જિલ્લાની પણ આહવા સ્થિત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શરૂ થવા જઇ રહેલી અટલ ટિંકરીંગ લેબના પ્રથમ બેચના વિદ્યાર્થીઓએ નવી આશા જન્માવતા લેબ વિધિવત શરૂ થાય તે પહેલા જ, ચેન્નાઇ ખાતે યોજાયેલી એક રાષ્ટ્રીયકક્ષાની કોમ્પિટિશનમાં હિસ્સો લઇને, સમગ્ર ભારતદેશમાં ચોથુ, અને ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી, ડાંગ જિલ્લો પણ કોઇનાથી કમ નથી, તે સાબિત કરી બતાવ્યું છે.

માનવજીવનમાં રોબોટિક ઇન્સ્ટુમેન્ટ્સનો વપરાશ વધે, અને તે બહેતર જીવન માટે ઉપયોગી થઇ શકે તેવા આશય સાથે આહવાની અટલ ટિંકરીંગ લેબના બે વિદ્યાર્થીઓએ તેમના ટીચરની મદદથી સ્વયં અવનવા પાર્ટ્સ, સરકીટ, વાયફાય, મોબાઇલ એપ્લિકેશનના સુભગ સમન્વયથી એક રોબોટને જન્મ આપ્યો. જે કોમ્પિટિશનની થીમ અનુસાર સ્વચ્છ ભારત મિશનનો સંદેશ આપતા, ઓટોમેટિક રીતે બાળવૈજ્ઞાનિકોના ઇશારે તેના એરીયામાં રહેલો કચરો ઉઠાવી, ડસ્ટબીન સુધી લઇ જવામાં સફળ રહ્યો.

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા ગત જુન માસથી, એટલે કે નવા સત્રથી આહવાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાને અટલ ટિંકરીંગ લેબની ફાળવણી કરવામાં આવી છે, તેમ જણાવતા લેબના સંચાલિકા એવા મેન્ટર ટીચર બીજુબાલા પટેલે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, અદ્યતન રોબોટીક પાર્ટ્સ સાથે થ્રિ ડી પ્રિન્ટર, ડ્રોન કેમેરા, અને લેપટોપ સહિત આનુષાંગિક ફર્નિચર સાથેની એ.ટી.એલ. અહી શરૂ થવા જઇ રહી છે. સંભવતઃ તેનું ઓપનિંગ આગામી તા.૨૧મી જાન્યુઆરીએ થાય તેવા શાળાના પ્રયાસો છે. આ લેબમાં પ્રથમ બેચમાં ૩૦ જેટલા ચૂનંદા વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જે પૈકી બે વિદ્યાર્થીઓ આનંદા શિમ્પી, અને યશ પાટીલે વિશેષ રસરુચિ દાખવતા, લેબ શરૂ થવા અગાઉ જ આઇ.આઇ.ટી. મદ્રાસ (ચેન્નાઇ) ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કોમ્પિટિશનમાં ભાગ લેવાનો અમને મોકો મળ્યો.

આઇ.આઇ.ટી. મદ્રાસ ખાતે આયોજિત કોમ્પિટિશનમાં દેશભરની એ.ટી.એલ.ના વિદ્યાર્થીઓ સાથે પ્રતિસ્પર્ધા કરીને, વધુમાં વધુ પોઇન્ટ્સ મેળવતા જઇ, સેમીફાઇનલ રાઉન્ડ સુધી પહોંચ્યા. સેમિફાઇનલના ૪ રાઉન્ડમાં હાઇએસ્ટ પોઇન્ટ્સ સાથે પાંચમા રાઉન્ડમાં ગુજરાત રાજ્યની જ, રાજકોટની ટીમ સામે કાંટાની ટક્કર થઇ. ત્રણ ત્રણ મિનિટના રાઉન્ડમાં ચાર ચાર વખત ટાઇ પડતા, પાંચમો રાઉન્ડ બે મિનિટનો કરાયો. જેમાં મહત્તમ પોઇન્ટ્સ અંકે કરીને, આહવાની ટીમ ફાઇનલ રાઉન્ડમાં પ્રવેશી. જ્યાં મહારાષ્ટ્રની અન્ય ત્રણ ટીમો સામે ટક્કર ઝીલીને, ગુજરાતની એકમાત્ર ડાંગની આ ટીમે દેશભરમાં ચોથુ સ્થાન મેળવ્યુ. સાથે ગુજરાતમાં પ્રથમ નંબર મેળવ્યો. નજીવા માર્જીનને કારણે ટોપ થ્રીમાં ન આવી શક્યાનો વસવસો છે, તેમ છતાં ડાંગની ટીમે ગુજરાતમાં સૌથી વધુ પોઇન્ટ્સ મેળવ્યા તેનો આનંદ પણ છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ડાંગ જિલ્લાની સૌથી જુની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા એવી આહવાની આ શાળાને અટલ ટિંકરીંગ લેબ મળે તે માટે તત્કાલિન જિલ્લા શિક્ષણાધિકારી એસ.એલ.પવારના પ્રયાસોની સાથે તત્કાલિન શાળા આચાર્ય શાંતિલાલ ચૌધરી, શાળા સુપરવાઇઝર પ્રજેશ ટંડેલ સહિત વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી મણિલાલ ભૂસારા, અને શાળા આચાર્ય અમરસિંગ ગાંગોડા પણ જશના હક્કદાર છે તેમ શ્રીમતી પટેલે વધુમાં જણાવ્યું હતું.

આમ, ડાંગ જિલ્લામાં નવા બાળવૈજ્ઞાનિકો તૈયાર કરવા માટેની લેબ શરૂ થાય તે પહેલાં જ તેના વિદ્યાર્થીઓને ડાંગમાંથી પણ દેશને નવા વૈજ્ઞાનિકો મળી શકે છે તેવો સંકેત આપીને, નવી આશા જગાવી છે. જે આવનારા દિવસોમાં ડાંગ જિલ્લાની પ્રતિષ્ઠાને નવી ઊંચાઇએ લઇ જશે, જેમાં કોઇ બેમત નથી.

રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટના ચોરી પ્રકરણમાં વધુ ૫૦ લાખનો માલ જપ્ત

બે સિક્યુરિટી ગાર્ડની ધરપકડ બાદ તપાસમાં કુલ ૧.૬૬ કરોડનો ચોરીનો માલ પકડાયો

સુરત

સલાબતપુરા-રિંગરોડ આરકેટી માર્કેટના મસમોટા ચોરી કૌભાંડના મામલે ધનિષ્ઠ તપાસ કરી રહેલી સલાબતપુરા પોલીસ મથકના પીએસઆઈ કઠવાવે વધુ ૫૦.૭૬ લાખ રૂપિયાનો મુદામાલ બેગમપુરાના એમ.એશ. ટેક્ષટાઈલ માંથી કબજે કરી અન્ય બે સિક્યુરિટી જવાનોની ધરપકડ કરી હતી. એવુ સલાબદતપુરા પોલીસ મથકના પીઆઈ ચૌધરીએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સલાબતપુરા-રિંગરોડ આરકેટી માર્કેટ આવેલી છે. આ માર્કેટના સિક્યુરિટી જવાન રામભાઈ અને તેના સાગરીતો માત્ર રવિવારના રોજ માર્કેટની જુદી જુદી કાપડની દુકાનોમાંથી ડ્રેસ મટીરિયલ્સ, સાડીઓ અને ગ્રે કાપડના તાકાઓની ચોરી કરી સોમવારના રોજ માર્કેટની બહાર કાઢીને લીંબાયત સહિત અનેક સ્થળોના ગોદામમાં મુદ્દામાલ રાખવામાં આવતો હતો. સલાબતપુરા પોલીસે વેપારીને ફરિયાદ નોંધી રામભાઈ નામના સિક્યુરિટી જવાનની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાંડ મેળવ્યા હતા. આ રિમાંડ દરમ્યાન આ ગુનાની તપાસ કરી રહેલા પીએસઆઈ કઠવાવે પહેલા ૯૭ લાખ, ૧૯ લાખ તથા ૫૦ લાખનો કાપડનો મુદ્દામાલ ત્રણ તબક્કાઓમાં જપ્ત કર્યા બાદ પોલીસે વધુ બે સિક્યુરિટી જવાનોની ધરપકડ કરી હતી. આરોપી ખાન તથા કે.પી. સિંગને કોર્ટમાં રજૂ કરી રિમાંડ પણ માંગવામાં આવશે એવું પણ જાણવા મળ્યું હતું. કુલ દોઢ કરોડનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.

નવસારીમાં કરૂણા અભિયાન અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ

નવસારી

રાજયભરમાં તા.૧૧ થી ૨૦ જાન્યુઆરી-૧૯ દરમિયાન કરૂણા અભિયાન રાજય સરકાર દ્વારા હાથ ધરાયું છે. ઉતરાયણના પર્વ દરમિયાન પશુ-પક્ષીઓ પ્રત્યે કરૂણા કેળવવાના ભાગરૂપે નવસારી શહેરમાં શાળાના બાળકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર અને સેવાભાવી સંસ્થાઓ, શાળાઓના સહયોગ વડે યોજાયેલી રેલીમાં બાળકો પક્ષીઓ સૃષ્ટિની શોભા છે. અબોલ પક્ષીઓનો જીવ બચાવો વગેરેના બેનરો સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં લોકજાગૃતિ કેળવી હતી.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની બીજી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જરૂરિયાત સબંધ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજ સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપવામાં સુવિધા જ્યો, જે માટે સાથે ડિજીટલ કોપરેટ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગાર ઉત્તમ મેરાથી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ લેવલ વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
લીફ ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ઓટો મોડથી કપાશે)
આપનો કોડ લીફ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે લેવલ વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





અંકલેશ્વરમા થયેલ મોબાઇલ ચોરીનો ભેદ ઉકેલી બીજા ૩૫ શંકાસ્પદ મોબાઈલો શોધી કાઢતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી ભરૂચ જીલ્લામા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા મળેલ સુચના અંનુસધાને એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. કે.જે.ધડુક નાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ.સી.બીના પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ. વાય.જી.ગઢવી તથા પોલીસ માણસો ની ટીમ બનાવી કાર્યરત હતા. દરમ્યાન અંક્લેશ્વર શહેર પોસ્ટે. ગુ.ર.નં- ૨૬૮/૧૮ ઈ.પી.કો.ક-૩૭૯ મુજબના ગુનાના કામે ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન બાબતે મળેલ બાતમી હકીકત આધારે

ઝઘડીયા ખાતેથી મહંમદજાબીર ઉર્ફે સદ્દામ મુનીરૂદીન મન્સુરી રહે-સુલતાનપુરા, મુસ્તુફા મહોલ્લા, જુના પેટ્રોલપંપ પાછળ તા-ઝઘડીયા જી-ભરૂચ નાઓ પાસેથી ઉપરોક્ત ચોરીમા ગયેલ મોબાઈલ ફોન કબ્જે કરવામા આવેલ તેમજ પુછપરછ દરમ્યાન તેના કબજામાંથી બિલ કે આધારપુરાવા વગરના અલગ-અલગ કંપનીના બીજા ૦૯ મોબાઈલ મળી કુલ-૧૦ મોબાઈલ ફોન મળી આવેલ તેમજ સદર મોબાઈલ ફોન ઝઘડીયા તાલુકા ના નાનાસાંજા ગામે રહેતો ઈસમ વેચી ગયેલ હોવાની હકીકત જણાતા નાનાःસાંજા ગામે થી હરેશભાઈ ૫/૦ અર્જુનભાઈ સખારામ ચિત્તે રહે. હાલ-નાનાસાંજા, કવાર્ટર ફળીયુ, મંગાભાઈ પરસોત્તમ વસાવા ના ઘરે તા-ઝઘડીયા જી-ભરૂચ મુળ રહે-કીશનવાડી ઝુપડપટ્ટી, વડોદરા શહેર નાને અટકાયતમાં લઈ પુછપરછ કરતા ભરૂચ, અંક્લેશ્વર તથા વદોદરા ખાતે અલગ-અલગ જગ્યાઓએ મોબાઈલ ફોન ચોરી કરી વેચાણ કરેલ હોવાની કબુલાત કરેલ તેમજ ત્તેની પાસેથી ચોરી કરી મેળવેલ અલગ-અલગ કંપનીના બીજા-૨૩ મોબાઈલ ફોન મળી આવતા કબ્જે કરવામા આવેલ

તેમજ વાલીયા ખાતે પણ મોબાઈલ વેચાણ કરેલ હોવાની કબુલાત કરતા વાલીયા બજાર ખાતે થી બે ઈસમો જેમા (૧) પ્રિતમકુમાર ઉર્ફે પીન્ટુ હનુમાનપ્રસાદ વારડે રહે વાલીયા, વિશ્વકર્માનગર, લુણા રોડ, નહેર પાસે તા-વાલીયા જી-ભરૂચ નાઓ પાસેથી એક મોબાઈલ ફોન તથા (૨) પિનલકુમાર ઉર્ફે પિન્કેશ બાબુભાઈ શાહ રહે-વાલીયા, મેઈન બજાર, કબુતર ખાના તા-વાલીયા જી-ભરૂચ નાઓ પાસેથી એક મોબાઈલ ફોન મળી આવતા કબ્જે કરવામા આવેલ આમ ઉપરોક્ત ચારેય ઈસમો ના કબ્જામાંથી મળી આવેલ અલગ-અલગ કંપનીના કુલ-૩૫ મોબાઈલ ફોન જેની કુલ કી.રૂ. ૦૧,૬૨,૦૦૦/- બાબતે કોઈ બિલ કે આધાર પુરાવા રજુ કરેલ ન હોય કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે અને ઉપરોક્ત ચારેય ઈસમોને અટકાયત મા લઈ વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

કેવડિયા ગામ તરફ માપણી કરતા અધિકારીઓને કેવડિયા ગામલોકોએ ફરી તગેડ્યા





૩૩ રાજ્યોના ભવન માટેની માપણીનો સર્વે અધિકરીઓ માટે માથાનો દુખાવો : ગ્રામજનોએ બીજીવાર અધિકારીઓને ભગાડ્યા

- **કેવડિયા ગામ તરફ માપણી કરતા અધિકારીઓને કેવડિયા ગામલોકોએ ફરી તગેડ્યા : જો હવે આવ્યા તો ખેર નથી**
- **અમારે વળતર નથી જોઈતું નથી બીજી જમીન જોઈતી, અમે એક ટુકડો જમીન આપવા નથી માંગતા : ગ્રામજનોનો એક સુર**

રાજપીપળા : અમારે વળતર નથી જોઈતું , ીજી જમીન નથી જોઈતી, અમે એક ટુકડો જમીન આપવા નથી માંગતા કહી કેવડિયા સહીત ગામોમાં આદિવાસીઓનો એક સુર બની રહ્યો છે અને હવે ગ્રામજનો અધિકારીઓને કોઈપણ કામ કરવા દેવા માંગતા નથી કોઈ પણ પ્રકારનું સર્વે કે માપણી થતી હોય ત્યાં પહોંચી વિરોધ કરી અધિકારીઓને ભગાડે છે આજે ભારત ભવન થી કેવડિયા ગામ તરફ ફરી માપણી કરવા જતા અધિકારીઓને ગ્રામજનોએ ભગાડ્યા તાજેતરમાંજ અધિકારીઓ સાથે આ બીજી ઘટના બની કે જેમણે કામગીરી અટકાવી ભાગવું પડ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ હવે દેશના ૩૩ રાજ્યોના ૩૩ ભવનો કેવડિયા ખાતે બનાવવાના છે જે માટે કેવડિયા ગામ હટાવવાની સરકારની ગતિવિધિ છે ત્યારે જાગ્યા ત્યારથી સવાર સમજી હવે પોતાની પાસેની એક પણ જમીનનો ટુકડો આપવા આદિવાસીઓ માંગતા નથી એક સપ્તાહ પહેલા અધિકારીઓ ને માપણી કરતા આદિવાસીઓએ અટકાવ્યાં અને ભગાડ્યા હતા. જ્યારે બીજીવાર આ આધિકરીઓ પરત આવી કેવડિયા ગામ ભારત ભવન તરફ સર્વે કરવા લાગ્યા ત્યારે ફરી ગ્રામજનો એ આજે ભગાડયા અને હવે ક્યારે અહીંયા માપણી કરવા ના આવતા કહી ગ્રામજનોએ ધમકાવ્યા હતા. ત્યારે સરકાર હવે કેવડિયા કોલોનીની જગ્યા એ કઈ નવું બનાવે અથવા ભારત ભવન સિવાય કોઈ નવું ભવન ના બનાવે એવી માંગ પણ ઉઠી છે.

પતંગદોરાથી થતી ઈજા અંગે નવી સિવિલ હોસ્પિટલમાં હેલ્પલાઈન સેવાનો આરંભ

સુરત

નર્સિસ એસોસીએશનના સેક્રેટરી શ્રી કિરણ વી. દોમડીયા જણાવે છે કે, નર્સિંગ એસોસીએશન અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પતંગની દોરીથી પશુ-પક્ષી અને માનવ માટે હેલ્પલાઈન સેવા તા. ૧૨/૦૧/૨૦૧૯, શનિવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે, હેલ્પલાઈન સેવાનો પ્રારંભ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ અને કમિશનરશ્રી જયંતિ રવી મેડમ, માન. ધરાસભ્યશ્રી હર્ષ સંઘવી, ડીનશ્રી ડો. જયેશ બ્રહ્મભટ્ટ, ઈ/ચા તબીબી અધિક્ષકશ્રી ડો. વિજય શાહ, આર.એમ.ઓ.શ્રી ડો. કેતન નાયક, સહસ્ત્રફણા ટ્રસ્ટના લેહરૂભાઈ ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, પ્રિન્સીપાલશ્રી ઈન્દ્રાવતી રાવ, ઝોનલ રીપ્રેઝન્ટેટીવશ્રી દિનેશ અગ્રવાલના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે નર્સિંગ સ્ટાફ તથા કોલેજના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઘણા કિસ્સાઓમાં તબીબી સેવાઓના અભાવે પતંગની દોરીની ગંભીર ઈજા થવાના કિસ્સાઓમાં ઈજા થયેલ ભાગમાં વધુપડતા રક્તસ્ત્રાવ થવાને કારણે મૃત્યુ થવા સુધીના કિસ્સાઓ બનતા હોય છે. સાથે સાથે શહેરની જનતાને એ પણ વિનંતિ કરવામાં આવેછેકે, સામાન્ય ઈજાઓમાં હેલ્પલાઈનનો દુરૂપયોગ ન કરતાં ગંભીર ઈજાઓમાં આ હેલ્પલાઈનનો ઉપયોગ કરવો જોઈએ. તેમજ પતંગની દોરીની ઈજાઓથી બચવા માટે જાહેર જનતાએ નીચેના સૂચનો ધ્યાનમાં લેવા જણાવવામાં આવે છે. દ્વીચક્રી વાહન ચાલકોએ ગળે મફલર કે કાપડનો પટ્ટો બાંધવો જોઈએ. દ્વીચક્રી વાહન પર જતાં હોય ત્યારે બાળકને આગળ ન બેસાડતા પાછળ બેસાડી તેની કાળજી પણ ખાસ રાખવી. વધુ પડતી સ્પીડમાં ગાડી ન ચલાવવી, ગાડી ચલાવતા હોય ત્યારે તમારી આગળથી દોરી પસાર થતી હોય તો ગાડીને ધીમી કરીને ઊભી રાખી દેવી અને દોરીને પસાર થઈ જવા દેવી, દોરીની ઈજા થવાથી લોહી વહેતુ હોય તો કાપડથી દબાવી દેવું અને હેલ્પલાઈનને જાણ કરવી અથવા નજીકની હોસ્પિટલમાં પહોંચી જવું તા. ૧૨/૧/૨૦૧૯થી તા. ૧૫/૧/૨૦૧૯સુધી હેલ્પલાઈન માટે સંપર્ક નંબર : ૮૪૬૦૬૭૦૬૪૪, ૯૯૨૪૭૬૨૦૦૭, ૯૯૭૯૦૮૭૦૫૩, ૯૮૨૫૫૦૪૭૬૬, ૯૮૨૫૫૯૬૮૯૨, ૯૮૨૫૫૨૫૬૩૭, ૯૯૦૯૯૨૩૯૨૪, તથા તાત્કાલિક સારવાર વિભાગનો ટેલીફોન નંબર : ૦૨૬૧-૨૨૦૮૪૪૮, ૨૨૦૮૪૪૬નો લાભ લેવો.

મુંબઈના બે હીરા વેપારીઓ દ્વારા સુરતના વેપારી સાથે કરોડોની ઠગાઈ

રૂા.૧.૩૭ કરોડની છેતરપિંડી અંગે સુરત પોલીસમાં ગુનો દાખલ

સુરત

મુંબઈના બે હીરા વેપારીએ સુરતના હીરા વેપારી પાસેથી રૂા.૧.૩૭ કરોડની કિંમતના હિરાની ખરીદી કરી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા ચંદનબાગ સોસાયટીમાં રહેતાં અને કાપોદ્રા અક્ષર ડાયમંડમાં કષ્ટભંજન એક્ષપોર્ટના નામથી હીરાની ઓફિસ ધરાવતા ધીરેનભાઈ નનુભાઈ ગાજીપરાએ આરોપી ક્ષીતીજ ભનશાલી, વિજય રવજી મેકડા મુંબઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી ૩૮૧.૬૪ કેરેટના તૈયાર હીરા કિંમત ૧,૩૭,૨૪,૪૩૨ની ખરીદી કરી હતી. ત્યારબાદ આરોપીઓએ નિર્ધારીત સમય બાદ પણ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કોસ્મેટોલોજી વિષય સંદર્ભે આફટર ફોર્ટી સેશન યોજાશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડીઝ વિંગ અને કલબ ૩૫ પ્લસના સંયુક્ત ઉપક્રમે રવિવારે તા.૧૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કોસ્મેટોલોજી આફટર ફોર્ટી વિષય ઉપર નાનપુરા સમૃદ્ધિ ખાતે સેશન યોજાશે. જેમાં મુંબઈના સ્કીન સ્પેશ્યાલીસ્ટ ડૉ. શ્રીલતા ત્રાસી ૪૦ વર્ષ બાદ ખાસ કરીને મહિલાઓએ સ્કીનની કઈ રીતે કાળજી રાખવી તે વિશે માર્ગદર્શન આપશે.

એ.ટી.એમ. કાર્ડની વિગત મેળવી ઓનલાઈન વોલેટ મારફતે નાણા ઉપાડી લેતા આરોપીની ધરપકડ કરતી સાયબર ક્રાઈમ સેલ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાંનાઓએ જીલ્લામાં બનતા સાયબર ક્રાઈમને લગતા ગુનાઓ અટકાવવા અંગે આપેલ માર્ગદર્શન અને સુચના આધારે, એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર કે.જે.ધડુક નાઓએ અંક્લેશ્વર શહેર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ।- ૦૪/૨૦૧૯ આઈ.પી.સી. કલમ - ૪૦૬ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજીએક્ટ-૨૦૦૦ની કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબના કામે સાયબર ક્રાઈમની ટીમનાં પોલીસ સ્ટાફના પોલીસ માણસોને શકમંદ આરોપીની તપાસમાં દમણ ખાતે મોકલી આપેલ અને તેઓને આરોપી મોહન ૫/૦ રામદાસ પનિકા હાલ રહે -પંચાલ ચાર રસ્તા, ભીમપોર, દમણ મૂળ રહે - ગામ - ઢેડુવા, પોસ્ટ-દેવરા, થાના જયસીંગનગર, જી.સેહદોલ, મધ્યપ્રદેશનો મળી આવતા અત્રેની એલ.સી.બી. કચેરી ખાતે લાવી તેને ઘનિષ્ઠ પુછપરછ કરતા તેને ઉપરોક્ત ગુનાના કામનાં ફરીયાદીના બેંક એકાઉન્ટમાંથી ૅઅંદ્ધ ઓનલાઈન વોલેટ મારફતે કુલ્લે રૂ.૨૮,૭૦૮/- ઉપાડી લીધેલ હોવાની કબુલાત કરેલ. જેથી આરોપીની ૮૨૮ ૪૧ (૧) આઈ મુજબ ધરપકડ કરી ભરૂચ શહેર "બી" ડીવીઝન નોંધ કરાવડાવી વધુ કાર્યવાહી માટે અંક્લેશ્વર શહેર પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપેલ છે.





ગરૂડેશ્વર વિયર ડેમ પર કામ કરતા ૨૦૦ કર્મચારીઓને ૩ મહિનાથી પગારના વલખા,કર્મચારીઓ હડતાળ પર

કંપની જ્યાં સુધી પગાર નહીં ચુકવે ત્યાં સુધી વિયર ડેમનું બાંધકામ બંધ રાખવાની કર્મચારીઓની ચિમકી આપી.

રાજપીપળા:નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે પીએમ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું ત્યાર બાદ સ્થાનિક આદિવાસીઓ રોજગારી મુદે અનેક વાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આંદોલન કર્યું છે.હાલ ગરૂડેશ્વર નજીક વિયર ડેમનું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે.વિયર ડેમ બન્યા બાદ ત્યાં બોટિંગ,હોટેલો થી લઈને અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો સરકારનો પ્લાન છે.ત્યારે વિયર ડેમના નિર્માણ કાર્યમાં કામ કરતા ૨૦૦ જેટલા આદિવાસી કર્મચારીઓ અને મજૂરોને એક પ્રાઈવેટ કંપનીએ છેલ્લા ૩ મહિનાથી પગાર ચૂકવ્યો હોવાનો મામલો સામે આવ્યો છે.છેલ્લા ૩ દિવસથી એ તમામ કર્મચારીઓ પગારની માંગણી સાથે હડતાળ ઉપર ઉતરી ગયા છે જેથી હાલ વિયર ડેમનું કામ ઠપ્પ થઈ ગયું છે.

તો બીજી બાજુ ચાલતી ચર્ચાઓ મુજબ વિયર ડેમના કર્મચારીઓ છેલ્લા ૩ દિવસથી હડતાળ પર છે.તેઓએ પગાર મુદે ભાજપનક નેતાઓ પાસે મદદ માંગી છતાં ોઈ ભાજપવાળા ગરીબ મજુરોને ન્યાય અપાવવા આવ્યા નહીં અંતે એમણે ડો.પ્રફુલ્લ વસાવાને જાણ કરતા તેઓ તુરંત ત્યાં પહોંચી ગયા હતા અને મજુરોને ન્યાય ન મળે ત્યાં સુધી હક્ક માટે લડવાની ખાતરી આપી હતી.સાથે ડો.પ્રફુલ્લ વસાવાએ પગાર મુદ્દે કંપનીના હોદેદારો સાથે વાત પણ કરી હતી તે છતાં કોઈ નિરાકરણ ન આવતા જ્યાં સુધી કંપની મજુરોને પગાર નહીં ચુકવે ત્યાં સુધી વિયર ડેમનું બાંધકામ બંધ રાખવાની ચિમકી પણ મજૂરોએ ઉચ્ચારી છે.વિયર ડેમ પર હડતાળ પર ઉતરેલા કર્મચારીઓ એ ×મજુરોનું શોષણ બંધ કરો..બંધ કરો..ના નારા લગાવ્યા હતા અને ભાજપના રાજમા મજુરો ના શોષણ અંગે ભાજપને હવે ચૂંટણીમા વોટ નહીં આપીએ એમ કહી પોતાનો ગુસ્સો પણ વ્યક્ત કર્યો.

આ મામલે ડો.પ્રફુલ્લ વસાવાએ જણાવ્યું હતું કે સબકા સાથ સબકા વિકાસ કહેવા વાળા ભાજપના લોકો મજુરોના અન્યાય બાબતે કેમ ચુપ રહે છે.વિયર ડેમ બનાવતી કંપની ભાજપ વાળાઓની છે.ભાજપ ખોટા વચનો આપે છે મજુરો અને આદિવાસીઓનું શોષણ કરે છે.જો આવુને આવુ જ રહ્યું તો આવનારા દિવસોમાં ખાનગી કંપનીઓને નર્મદા જિલ્લામાં ઘુસવા નહિ દઈએ,જો ત્રણ દિવસમાં આ મજૂરોનો પગાર ન કરાયો તો વિયર ડેમ બનાવતી ખાનગી કંપનીને બિસ્તરા-પોટલા બાંધી કાઢી મુકીશું.

નર્મદા જીલ્લામાં પુરવઠાનો જથ્થો અનિયમીત મળતા દુકાનદારોની રજુઆત સાથે ચીમકી

છેલ્લા ચાર-પાંચ માસથી નર્મદા જીલ્લાના વ્યાજભી ભાવના દુકાનદરોને મળતો ઘઉં, ચોખા, ખાંડ,તેલ સહિતનો જથ્થો અનિયમિત મળે છે

રાજપીપળા : નર્મદા જિલ્લામાં છેલ્લા ચારેક મહિનાથી વ્યાજબી ભાવની દુકાન ચાલવતા દુકાનદારોને મળતો જથ્થો મોડો મળતા આ બાબતે સ્થાનિક અધિકારીઓ સહીત છેક ગાંધીનગર સુધી રજુઆત કરવામાં આવી છે

નર્મદા માં વ્યાજબી ભાવની દુકાન ધરાવતા વેપારીઓ એ જિલ્લા પુરવઠા અધિકારી સહીત ગાંધીનગર સુધી રજુઆત કરી જણાવ્યું છેકે દુકાનદારોને મળતા ઘઉં ,ચોખા,ખાંડ,તેલ,મીઠુ વિગેરે નાગરીક પુરવઠા નિગમના ગોડાઉનો ઉપરથી આપવામાં આવે છે પરંતુ આ જથ્થો છેલ્લા ચાર-ંચ માસી વેપારીઓને નીયમીત મળતો નથી આ અંગેની રજુઆત અવારનવાર સ્થાનિક નિગમની કચેરી તથા તમામ કચેરીમાં મૌખીક કરવામાં આવેલ તેમજ નિગમના ડીએસએમને પણ અવારનવાર સુચન કરવામાં આવેલ તેમ છતા નિગમના ગોડાઉનોમાં સમયસર જથ્થો ન આવવાથી વ્યાજબી ભાવના દુકાનદરો તેમજ રેશંકાર્ડધારોકો ખૂબજ મુશ્કેલી વેઠી રહીયા છે.વ્યાજબી ભાવના દુકાનદરોને અનિયમીત ો ગોડાઉન ઉપરથી મળવાના કારણે સરકારની સુચના અનુસાર મહીનાની પેહલી તારીખથી જ ગીબ રેશનકાર્ડ ધારોકોને અનાજ આપવાનો હુકમ કરવાં આવેલ .જેની અમલવારી દુકાનદારોને નિગના ગોડાઉનો માંથી સમયસર જથ્થો ન મળવાના કારણે કરી શકતા નથી. આ પરિસ્થીતીના કરણે રેશનકાર્ડ ધારકો દુકાનદારો પાસે પહેલી તારીખથીજ તેની મળતી ચીજ વસ્તુઓ માટે દુકાને આવતા હોઈ પરંતુ દુકાનદારોને સરકારી નિગમના ગોડાઉનોથી સમયસર જથ્થો ન મળતો હોવાથી રેશનકાર્ડ ધારકો અને દુકાનદરો વચ્ચે બોલા ચાલી અને ઘર્ષણોના બનાવો પણ બને છે . દુકાનદરોને રેશનકાર્ડ ધારકો તથા જેતે વિસ્તારના સામાજીક કાર્યકરો ફરીયાદો પણ કરે છે.જેનો ભોગ ખોટી રીતે વ્યાજબી દુકાનદારોને બનવુ પડેછે.માટેઆ જથ્થો નીયમીત મળી રહે તો કકાનદારો રેશનકાર્ડ ધારકોને નિયમીત આપવા રજુઆત કરાઈ છે

આ રજુઆતમાં લેખિત ચીમકી પણ આપી છેકે જો દુકાનદરોને સમયમર સરકારી નિગમ ગોડાઉનોમાંથી નિયમીત જથ્થો નહી મળેતો ના છુટકે રેશનકાર્ડ ધારકોના હિતમાં દુકાનદરીએ પોતાની દુકાનો બંધ રાખી સરકારી નિગમના દરેક તાલુકાના ગોડાઉનો ઉપર ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે અને તેની તમામ જવાબદારી ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમની રેહંશે એમ નર્મદા ફેર પ્રાઈઝ એસોસિયેશનના પ્રમુખ એન આર શેખ સહીત તમામ સભ્યો દ્વારા આ લેખિત રજુઆતમાં જણાવવામાં આવ્યું .

રાજપીપળા પાલિકા વોર્ડ-૫ ની પેટા ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ વચ્ચે બરાબરીનો જંગ : કોંગ્રેસના શનીબેને અપક્ષ ઉમેદવારી નોંધાવી

શનીબેન ઉમેદવારી ખેંચી લેતો : ભાજપના ઉમેદવાર હિનલ વસાવા અને કોંગ્રેસના ઉમેદવાર ચંદ્રિકા વસાવા વચ્ચે સીધી ટક્કર જામે

રાજપીપળા : રાજપીપલા નગર પાલિકાના વોર્ડ ૫ ની એક સભ્યની પેટા ચૂંટણી માટે ચૂંટણીનું જાહેરનામું પડી ગયું છે. આગામી ૨૭ જાન્યુઆરીએ મતદાન થશે. ત્યારે અત્યાર સુધી કુલ ૬ ફાર્મ ભરાયા જેમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થશે અને બરાબરીનો જંગ જામશે એવી સ્તિથી છે ત્યારે હાલ વોર્ડ નં.૫ માં ચૂંટણીનો માહોલ જામ્યો છે.

રાજપીપળા વૉર્ડ ૫ ની પેટા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે અને આગામી ૨૭ મી જાન્યુઆરી એ ચૂંટણી યોજો અને ૨૯ જાન્યુઆરીના રોજ પરિણામ જાહેર થશે પરંતુ હાલ ભાજપ કોંગ્રેસ વચ્ચે બરાબરીનો જંગ જામ્યો છે, ત્યારે સત્તા માટે નો અને પ્રતિષ્ઠા માટેનો પણ જંગ કહી શકાય કારણ કે જે સવર્ણ ગીતાબેનને સસ્પેન્ડ કરાવ્યા ભાજપે એજ ગીતાબેનની પુત્રી હિનલ વસાવાને ટિકિટ આપી માસ્ટર સ્ટ્રોક માર્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે વર્ષે ૨૦૧૫ ની ચૂંટણીમાં વૉર્ડ નંબર ૫ માટે ભાજપે પુનઃ ગીતા વસાવાની દીકરી હીનલ મહેશ વસાવાને જ ટિકિટ ફાળવી છે. જયારે કોંગ્રેસે સામે ચંદ્રિકા દિલીપ વસાવાને ટિકિટ આપી છે, ત્યારે કોંગ્રેસ દ્વારા સનીબેન વસાવાને ટિકિટ ના મળતા તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જો સનીબેન ઉમેદવારી પાછી ખેંચે તો કોંગ્રેસ અને ભાજપની સીધી ટક્કર મા જીત નુ માર્જિન ઘણુ ઓછુ રહેશે.

ભાજપ ને બહુમતી માટે આ બેઠકની જરુર છે ત્યારે ગીતાબેન વસાવાને તેમનો બદલો વાળવાનો મોકો મળ્યો છે અને પોતની જગ્યાએ દિકરીને સદ્રસ્ય તરિકે ચુટીને મોકલવા ખુબ મહેનત કરી રહ્યા છે. જયારે હાલ ભાજપ પાસે ૧૨ બેઠકો છે અને કોંગ્રેસ અપક્ષ મળી ૧૧ બેઠકો છે ત્યારે બહુમાતી માટે બન્ને પક્ષ એડી ચોટીનુ જોર લગાવી રહ્યા છે. ત્યારે મેદાન કોણ મારશે એતો આખરે વોડ ૫ ના મતદારો જ નક્કી કરશે .

ભરીમાતા પાસે જમીનના કબજાની લડાઈમાં સામ સામે ગુનો દાખલ

ગઈકાલે બે જૂથો વચ્ચે મારામારી થતા ફરિયાદો નોંધાઈ

સુરત

ભરીમાતા રોડ ઉપર સિંગણપોરની જમીન બાબતે જૂથ અથડામણ થતાં ચોક પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી પો.સ.ઈ. એમ. આર. બારોટે તપાસ હાથ ધરી છે.

પ્રથમ ફરિયાદમાં કતારગામ પંચવટી સોસાયટીમાં રહેતા મગનભાઈ મધુભાઈ તરસરીયાએ આરોપી મનોજ ધનસુખ પટેલ, દિકરા શુભમ, અંકુર દિપક ડાહ્યા પટેલ, દીપકનો દીકરો, અક્ષય સીનજીત તથા અન્ય પાંચ અજાણ્યા વ્યકિતની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ સીંગણપોર રે.સ. નંબર ૮૫/૧ બાબતે આરોપીઓએ બાંધકામ અટકાવી લાકડીના ફટકાથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે સામી પક્ષે સુજાનભાઈ દીપકભાઈ પટેલે પચાસથી સાંઈઠ ટોળા સાથે ફીરયાદ નોંધાવી હતી. જમીનના કબજા માટે આરોપી ટોળાએ હુમલો કરી ફરિયાદી સુઝાનભાઈ તથા પિતા સહિતના ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જે અંગે ચોક પોલીસે બન્ને પક્ષની સામ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

